The image part with relationship ID rId8 was not found in the file.

## ત્રિ-માસિક કસોટી

ધોરણ 8 — વિષય : ગુજરાતી (પ્રથમ ભાષા)

દ્વિતીય સત્ર (એકમ 11 થી 16) — કુલ ગુણ : 40

### ફકરા આધારિત પ્રશ્નો

C-1.1 પાઠ્યસામગ્રી (સમાચાર, રિપોર્ટ્સ, સંપાદકીય) ને કાળજીપૂર્વક સાંભળીને અથવા વાંચીને મુખ્ય મુદ્દાઓ તારવે છે અને સારાંશ કરે છે.

G8111 સારાંશ કરવાની પૂર્વતૈયારી રૂપે શ્રવણ તેમજ વાંચન દ્વારા બહુભાષીય અને બહુવિષયક સામગ્રીનું અર્થઘટન રજૂ કરે છે.

પ્રશ્ન 1. નીચે આપેલ ફકરાના આધારે પ્રશ્નોના જવાબ લખો.

સમયની મૂડી તો દરેક પાસે સરખી જ હોય છે, પણ તેને ખર્ચવામાં તફાવત હોય છે. એક વ્યક્તિ તેને કરકસરથી, યોજનાપૂર્વક, વ્યવસ્થિત રીતે ખર્ચે છે, જ્યારે બીજી વ્યક્તિ તેને આડેધડ અને અવિચારીપણે વેડફી નાખે છે. પરિણામે એકને સંતોષ અને સફળતા મળે છે, બીજાને થાક અને નિષ્ફળતા. જે વ્યક્તિને પોતાનો સમય વાપરતાં આવડતું નથી, તેને કશું જ વાપરતાં આવડતું નથી. જો તમારી પાસે મર્યાદિત પ્રમાણમાં મૂડી હોય, તો તેમાં થતી બચત એ જ કમાણી છે. નવો સમય કોઈને મળી શકતો નથી. એટલે જે માનવ પોતાના સમયની વધુમાં વધુ બચત કરી શકે, તેની પાસે વધુમાં વધુ સમય જમા થઈ શકે અને જેની પાસે સમય જમા થાય તેની પાસે શક્તિ પણ જમા થાય. સમય અને શક્તિ ભેગાં થાય એ પછી શું ન કરી શકે? એ ધારે તે કરી શકે.

1 કઈ વ્યક્તિને સંતોષ અને સફળતા મળતી નથી?

(A) સમયનો કરકસરથી ઉપયોગ કરનારને

(B) સમયનો યોજના પૂર્વક ઉપયોગ કરનારને

(C) સમયનો આડેધડ ઉપયોગ કરનારને

(D) સમયનો વ્યવસ્થિત ઉપયોગ કરનારને

2 કેવી વ્યક્તિ ધારે તે કરી શકે ?

(A) જેની પાસે ખૂબ શક્તિ હોય તે

(B) જેની પાસે ખૂબ ધનની શક્તિ હોય તે

(C) જેની પાસે સમયની શક્તિ હોય તે

(D) જેની પાસે સમય ન હોય તે

3 સમય વિશે શું ખોટું છે?

(A) સમય દરેક પાસે સરખો જ હોય છે

(B) ગયો સમય કોઈને મળી શકતો નથી

(C) સમયને રોકી શકાતો નથી

(D) સમય દરેકની રાહ જુવે છે

4. અવિચારી વ્યક્તિ સમયને વેડફી નાખે છે એટલે શું કરે છે?

(A) સમયને રોકી રાખે છે

(B) સમયનું મુલ્ય સમજે છે.

(C) સમયથી દૂર ભાગે છે

(D) સમયનો દુરુપયોગ કરે છે.

5 આપેલ ફકરાનો મુખ્ય વિચાર કયો છે?

(A) ધન એ જ સાચી મૂડી

(B) શક્તિ એ જ સાચી મૂડી

(C) સમય એ જ સાચી મૂડી

(D) સપના એ જ સાચી મૂડી

પ્રશ્ન 2. ફકરા પરથી નીચેના પ્રશ્નોના જવાબ આપો.

હકનું સાચું મૂળ કર્તવ્યપાલનમાં રહેલું છે. જો આપણે બધા આપણી ફરજો બરાબર બજાવીએ તો આપણે હકો મેળવવા બહુ દૂર નહીં જવું પડે. જો આપણી ફરજો બજાવ્યા વગર આપણે હક પાછળ દોડીએ તો તે મૃગજળની માફક છટકી જશે અને તેની પાછળ જેટલા વધારે પડીશું તેટલા તે આપણાથી દૂર ને દૂર રહેશે.

જીવનની મુખ્ય જરૂરિયાતો મેળવવાનો સરખો હક જેટલો પશુ-પંખીને છે તેટલો જ સરખો હક દરેક મનુષ્યને છે અને દરેક હકની સાથે તેને લગતી ફરજ અને હક પર હુમલો થાય તો તેની સામેનો ઇલાજ જાણી લેવાનો જ હોય છે; તેથી આ પ્રાથમિક, પાયારૂપ સમાનતાને સાચવવાને સારુ તેને લગતી ફરજો અને ઇલાજો શોધી કાઢવાના જ રહ્યા. મારાં અંગો વડે શ્રમ કરવો એ હકને લગતી ફરજ છે અને એ શ્રમનું ફળ મારી પાસેથી પડાવી લેનાર જોડે અસહકાર કરવો એ હક સાચવવાનો ઇલાજ

1 હકનું સાચું મૂળ ક્યાં છે?

(A) બીજા પર આધાર રાખવામાં

(B) કર્તવ્યપાલન કરવામાં

(C) રોજગાર મેળવવામા

(D) કાર્ય ન કરવામાં

2 મૃગજળની જેમ હક મેળવવાનો પ્રયત્ન ક્યારે થાય છે?

(A) ફરજ બજાવ્યા પછી

(B) ફરજ ન બજાવ્યા પછી

(C) હક પ્રાપ્ત કર્યા પછી

(D) જીવનમાં સફળતા પ્રાપ્ત કર્યા પછી

3 પશુપંખીઓના ઉદાહરણ દ્વારા લેખક શું કહેવા માંગે છે?

(A) હક અંગેની સમાનતા માણસ કરતાં પશુપંખીઓમાં વધારે છે.

(B) હક અંગેની સમાનતા પશુપંખીઓ કરતાં માણસમાં વધારે છે.

(C) પશુપંખીઓમાં પણ હક હોવા જોઈએ.

(D) માણસને પણ હક હોવા જોઈએ.

4 હકની સાચવણી માટે શું જરૂરી છે?

(A) કાર્ય કરવું

(B) ઇલાજો શોધવા

(C) પત્ર લખવો

(D) ઉપદેશ આપવો

5.હક સાચવવા માટે શું કરવું જોઈએ?

(A) સાથ ન આપવો

(B) સ્વીકાર કરવો

(C) શાંતિ રાખવી

(D) સહકાર આપવો

પ્રશ્ન 3. ફકરા પરથી પ્રશ્નોના જવાબ આપો.

નંદશંકરનાં પત્ની અને સંતાનોમાં એકમાત્ર દીકરી રાધા ત્રીસ દિવસની જાત્રા કરવા ગયેલાં. જેથી મંદિર ઉપરાંત ઘરનાં અન્ય કામોની જવાબદારી એમની અને ત્રણ પુત્રો પર આવી ચડી. એમના ત્રણ પુત્રો : રાજન, વિવેક અને વિરાજ. પૂજારીજી એમને અનુક્રમે પ્રેમથી ભોલુ, મોટું અને છોટુ કહીને બોલાવતા.  હવે નંદશંકરજીએ ત્રણેય બાળકોને નીચે મુજબ જવાબદારીઓ વહેંચી.

| વાર | છોટુ | ભોલુ | મોટુ |
|---|---|---|---|
| સોમ, મંગળ | સેવાપૂજા | પ્રસાદ | ઘરકામ |
| બુધ, શનિ | સેવાપૂજા, ઘરકામ | ઘરકામ , પ્રસાદ | રસોઈ |
| ગુરુ, શુક્ર | સફાઈકામ | રસોઈ, પ્રસાદ | ઘરકામ |

(1) રાજન ને કયો લાભ નહીં મળે ?

(A) રસોઈ – પ્રસાદ

(B) સેવાપૂજા – સફાઈ

(C) ઘરકામ- રસોઈ

(D) પ્રસાદ-ઘરકામ

(2) વિરાજ કયાં બે કામ નહીં કરતો ?

(A) ઘરકામ, પ્રસાદ

(B) ઘરકામ, સફાઈ

(C) સેવાપૂજા, રસોઈ

(D) સેવાપૂજા, પ્રસાદ

(3) વિવેકને રસોઈની જવાબદારી કયા વારે મળી છે?

(A) બુધ, ગુરુ

(B) સોમ, મંગળ

(C) ગુરૂ, શુક્ર

(D) બુધ, શનિ

(4) ઘરકામની જવાબદારી કોને કોને આવે છે ?

(A) રાજન અને ભોલુંને

(B) છોટુ અને વિરાજને

(C) નાનીયો, છોટુ અને રાજનને

(D) રાજન, વિવેક અને છોટુને

(5) આપેલ વિગત અનુસાર પૂજારીજીના પરિવારમાં કુલ કેટલા સભ્યો હશે?

(A) 4

(B) 6

(C) 5

(D) 7

(6) ફકરાને આધારે કયું વાક્ય સાચું છે?

(A) નંદશંકરજીને સંતાનોમાં ત્રણ પુત્રો હતા

(B) નંદશંકરજીને સંતાનોમાં ત્રણ પુત્રો અને એક પુત્રી હતી

(C) નંદશંકરજીને સંતાનોમાં ફક્ત દીકરી જ હતી

(D) નંદશંકરજીને સંતાનોમાં બે દીકરી અને ત્રણ દીકરા હતા.

પ્રશ્ન 4. આપેલા સંવાદને આધારે પ્રશ્નોના જવાબ આપો.

પરમ : આવ,આવ, પ્રથમ, સાલ મુબારક!

પ્રથમ : સાલ મુબારક. વાહ! આજે તિલક કર્યું !

પરમ : હા,યાર જોને, નવું વર્ષ છે તો પપ્પાએ સંકલ્પ લેવાનું કહ્યું, તો મેં નિયમિત મંદિર જવાનો સંકલ્પ કર્યો. અરે! પણ તું કેમ ચાલીને આવ્યો !

પ્રથમ : મને પણ દાદાએ સંકલ્પ લેવડાવ્યો કે હવેથી નજીકમાં બધે ચાલીને જઈશ, સાઇકલ લઈને નહિ. આ પરાગ ક્યાં રહી ગયો?

પરમ : એ તો વહેલા આવવાનું કહેતો હતો !

પ્રથમ : આ આવ્યો. સાલ મુબારક પરાગ.

પરાગ : સાલ મુબારક મિત્રો, સાલ મુબારક.

પ્રથમ : કેમ મોડું થયું?

પરાગ : જોને ભાઈ આ નવું વર્ષ! તૈયાર થયા વિના આવવા ન દે અને સેવાપૂજા, સંકલ્પો...

પ્રથમ : તેં પણ સંકલ્પ લીધો?!

પરાગ : હા, મારે બધે મોડું થાય માટે મમ્મીએ સંકલ્પ લેવડાવ્યો કે હું હંમેશાં નિયમિત રહીશ.બધે ચોક્કસ સમયે જ પહોંચીશ.

પરમ : તારા સંકલ્પનું આયુષ્ય તો બહુ નાનું!

(બધા હસે છે.)

પરાગ : હા મિત્રો, આપણે સંકલ્પો લઈએ છીએ પણ સારી રીતે પાળી શકતા નથી.

1. આપેલ સંવાદના આધારે નીચેનામાંથી કયું વિધાન સાચું છે?

(A) સંકલ્પો જેટલા લેવા સહેલા છે એટલા પાળવા સરળ છે.

(B) આજે પ્રથમ સાઇકલ લઈ મંદિર જાય છે.

(C) મિત્રોમાં તહેવારો વિશે ચર્ચા થઈ રહી છે.

(D) પરાગનો સંકલ્પ સાવ થોડા સમયમાં તૂટી જાય છે.

2. આપેલ સંવાદમાં આજે તહેવારનો દિવસ છે એમ શેના આધારે  કહી શકાશે?

(A) એક બીજાને નવા વર્ષના અભિનંદન આપે છે.

(B) ત્રણેય મિત્રો સંકલ્પ લે છે.

(C) ત્રણેય મિત્રો એક સારી ટેવ કેળવે છે.

(D) પરમ મંદિરે જઈ તિલક કરે છે.

3. 'પ્રથમ' સંકલ્પ કરે છે કે હવેથી નજીકમાં બધે ચાલીને જઈશ... આના પરથી વિશેષ શું સમજાય છે?

(A) પહેલાં પ્રથમ બધે સાઇકલ લઇને જતો.

(B) હવે પ્રથમ કસરતનું મહત્વ સમજ્યો છે.

(C) આ પ્રમાણેની  દાદાની આજ્ઞા છે.

(D) હવે સાઇકલનો ઉપયોગ પરિવારના બીજા સભ્યો કરી શકશે.

4. પરમના અંતિમ વાક્યનો અર્થ શો થશે?

(A) સંકલ્પથી ફાયદો થતો નથી.

(B) તેં લીધેલો સંકલ્પ પાળવામાં મુશ્કેલી થાય છે.

(C) સંકલ્પ તો તૂટવા માટે જ હોય છે.

(D) સંકલ્પ ખૂબ લાંબો સમય ટકી રહે છે.

5. બધા મિત્રોને હસવાનું કારણ શું હશે?

(A) નવા વર્ષે ખોટો સંકલ્પ લઈ લીધો હતો

(B) પરાગે લીધેલો સંકલ્પ તરત જ તૂટી ગયો હતો

(C) સંકલ્પ લેવામાં ઉતાવળ કરી અને તોડવામાં એથીયે વધારે.

(D) બધાને પરાણે સંકલ્પો લેવા પડ્યા હતા.

પ્રશ્ન 5. ફકરા પરથી નીચેના પ્રશ્નોના જવાબ આપો.

ભારતના પ્રખર વિદ્વાન અને શ્રેષ્ઠ વૈજ્ઞાનિક રાષ્ટ્રપતિ એ.પી.જે. અબ્દુલ કલામની ઈચ્છા વાયુદળમાં નોકરી મેળવવાની હતી. પરંતુ પચ્ચીસમાંથી માત્ર આઠ ઉમેદવાર લેવાના હતા. અને કલામનો ક્રમ નવમો હોવાથી એમની પસંદગી ન થઈ શકી. તેઓ થોડા હતાશ થયા.

પોતાની વ્યથા વ્યક્ત કરવા અને આશ્વાસન મેળવવા તેઓ ઋષિકેશમાં સ્વામી શિવાનંદજીને મળ્યા. શિવાનંદજીના સાનિધ્યમાં તેમણે અપાર શાંતિનો અનુભવ કર્યો. સ્વામીજી કલામની મન:સ્થિતિનો તાગ પામી ગયા. શિવાનંદજીએ કહ્યું, “નસીબમાં જે હતું તે થયું. જીવનમાં જે કંઈ બને છે તે પૂર્વનિયોજિત હોય છે. પ્રયત્ન છોડશો નહીં.” આગળ જતાં પરમાણુ ક્ષેત્રે અદ્ભુત કાર્ય કરી તે ‘મિસાઈલ મેન’ તરીકે ઓળખાયા.

1 શ્રી અબ્દુલકલામ શામાં નોકરી મેળવવા ઇચ્છતા હતા ?

(A) હવાઈ સુરક્ષાદળમાં

(B) જળસીમા સુરક્ષાદળમાં

(C) જમીન સુરક્ષાદળમાં

(D) સેનાના અશ્વદળમાં

2 શ્રી અબ્દુલ કલામને પરમ શાંતિનો અનુભવ ક્યારે થયો ?

(A) પરમાણુ ક્ષેત્રે અદ્ભુત કાર્ય કર્યું ત્યારે

(B) મિસાઇલ મેન તરીકે ઓળખાયા ત્યારે

(C) વાયુદળમાં નોકરી ન મળે ત્યારે

(D) શિવાનંદજી સાથે સમય પસાર કર્યો ત્યારે

3 ફકરાને આધારે નીચેનામાંથી કયો વિકલ્પ સાચો છે?

(A) અબ્દુલ કલામ પ્રસંશા મેળવવા ઋષિકેશ ગયા

(B) અબ્દુલ કલામ દિલાસો મેળવવા ઋષિકેશ ગયા

(C) અબ્દુલ કલામ મુક્તિ મેળવવા ઋષિકેશ ગયા

(D) અબ્દુલકલામ આનંદ મેળવવા ઋષિકેશ ગયા

4 શિવાનંદજીએ અબ્દુલ કલામ ને શું કહ્યું ?

(A) જે થવાનું હોય છે તે જ થાય છે માટે હવે પ્રયત્ન ન કરો

(B) જે થવાનું હતું તે થઈ ગયું માટે હવે આરામ કરો.

(C) જે થવાનું હતું તે થઈ ગયું માટે પ્રયાસ કરીને આગળ વધો

(D) જે થવાનું હતું તે થઈ ગયું હવે કઈ નહીં થાય

5 સ્વામીજી કલામની મન:સ્થિતિનો તાગ પામી ગયા. એટલે તેમણે શું કર્યું ?

(A) તેઓ કલામની મન: સ્થિતિ તાણી ગયા

(B) તેઓ કલામની મન : સ્થિતિ ઊંડાણથી સમજી ગયા

(C) તેઓએ કલામની મન:સ્થિતિ દૂર કરી.

(D) તેઓએ કલામની મન:સ્થિતિ ની ઉપેક્ષા કરી.

6 શિવાનંદજીએ કલામને આશ્વાસન આપતાં શું કહ્યું?

(A) નસીબમાં જે હોય તે જ મળે.

(B) જે કંઈ બનવાનું છે તે અગાઉથી નક્કી હોય છે.

(C) કોઈપણ કાર્યની સફળતા માટે પ્રયત્ન કરવો જોઈએ

(D) ઉપરના તમામ

પ્રશ્ન 6. આપેલ ફકરાના આધારે પ્રશ્નોના જવાબ આપો.

હૉસ્પિટલની શોભા વધારવા શું થઈ શકે? ઘણાખરા ખાટલા ખાલી પડી રહે એ જ તો હૉસ્પિટલની ખરી શોભા ગણાય. માણસ નછૂટકે ડૉક્ટર પાસે જાય તેમાં કશું ખોટું નથી. ખરેખર તો સંપૂર્ણપણે નીરોગી હોય તેવા માણસોએ નિયમિતપણે ડૉક્ટર પાસે જઈને લોહી, કાર્ડિયોગ્રામ અને બીજી બાબતોની ચકાસણી કરાવી લેવી જોઈએ. પોતાનું આરોગ્ય જળવાઈ રહે તે માટેનાં સૂચનો ડૉક્ટર પાસે- કોઈ ફરિયાદ ન હોય ત્યારે- માગવાં જોઈએ. દાંતના ડૉક્ટર પાસે કોઈપણ પ્રકારનો દુખાવો ન હોય ત્યારે સમયાંતરે જઈ આવવું જોઈએ. ડૉક્ટર રોગની જાળવણી માટે છે કે આરોગ્યની ? આ પ્રશ્ન ડૉક્ટરોની કમાણી પર સીધો પ્રહાર કરનારો છે. ઓ.પી.ડી.માં કીડિયારું ઊભરાય એ તો સભ્ય ગણાતા સમાજની શરમ છે. અનાથાશ્રમમાં બાળકોની અને ઘરડાંઘરમાં વૃદ્ધોની સંખ્યા વધે એ કંઈ તંદુરસ્ત સમાજની નિશાની નથી. સંકટ સમયની સાંકળ વારંવાર વપરાય તે યોગ્ય નથી.

(1) “ સંકટ સમયની સાંકળ વારંવાર વપરાય તે યોગ્ય નથી” તેનો અર્થ જણાવો.

(A) સોનાની સાંકળ વાપરવી યોગ્ય નથી.

(B) દરવાજાની સાંકળ હંમેશાં સાચવીને વાપરવી.

(C) બચત કરેલ નાણાં વપરાય ન જાય તે જોવું.

(D) નાણાં વાપરવા કરતાં તેને સાચવવા જોઈએ.

(2) હૉસ્પિટલની શોભા ક્યારે વધે ?

(A) હૉસ્પિટલ નવીન અને રંગરોગાન કરેલું હોય.

(B) હૉસ્પિટલમાં તમામ સુવિધાઓ હોય.

(C) હૉસ્પિટલમાં પૂરતાઓ સ્ટાફ હોય.

(D) હૉસ્પિટલમાં દર્દીઓ ન હોય.

(3) તંદુરસ્ત સમાજની નિશાની ગણાય નહીં.

(A) માણસ બિમાર પડે તે

(B) વૃદ્ધ વ્યક્તિઓની સંખ્યા વધે તે

(C) અનાથાશ્રમોની સંખ્યા વધે તે

(D) ડૉક્ટરોની કમાણી વધે તે

(4) બિમાર ન હોઈએ ત્યારે પણ :

(A) કસરત ન કરવી જોઈએ.

(B) ડૉક્ટરની સલાહ લેવી જોઈએ.

(C) નિયમિત દવાઓ લેવી જોઈએ.

(D) હૉસ્પિટલની મુલાકાત જવું જોઈએ.

(5) રોગો થવાનું મુખ્ય કારણ કયું છે?

(A) સતત અને સખ્ત પરિશ્રમ કરવો.

(B) વાસી અને ખુલ્લો ખોરાક ખાવો.

(C) આરામદાયક જીવન જીવવું.

(D) ડોક્ટરે આપેલ દવાઓ લેવી.

(E)

પ્રશ્ન 7. આપેલા ફકરાને આધારે પ્રશ્નોના જવાબ આપો.

વાડામાંથી બહાર નીકળી બરાબર ઘરની પાછળ નારિયેળી અને દેશી આંબાનું ઝાડ. દર સિઝનમાં કેરીઓ પણ એટલી જ આવે. આ આંબાની ખાસિયત એ કે તેની કાચી કેરી એટલી ખાટી કે તમે ખાધા પછી સીસકારો નાખી જાઓ, પરંતુ જ્યારે કેરી પાકી જાય ત્યારે મીઠી પણ એટલી જ લાગે.

ઘરની સામે જે ખાટા આમળાંનું ઝાડ હતું તેમાં આમળાં પણ ખૂબ જ આવે. વળાંકવાળો સળિયો લગાવેલો મોટો દંડો ત્યાં જ પડ્યો હોય. બા અને હાજર જે કોઈ હોય તેને આમળાંના ઝાડની નીચે ચાદરના બે-બે છેડા પકડાવી જેમાં વધારે આમળાં હોય તે ડાળને હલાવીને આમળાંને ચાદરદોસ્ત કરી દેવાનાં. પાડેલાં આમળાંને પાણીમાં ધોઈ તેમાં મીઠું નાખી અને પછી બહાર ઓટલે બેસીને આમળાંનો આનંદ માણવાનો. આવા પ્રયોગો મેં બાના વાડામાં બઉં જ કર્યા. ઘરની પાછળના ભાગે આંબાની નજીક એક ઘટાદાર રાવણો હતો. એ રાવણો મારી અનેક પતંગ ખાઈ ગયો છે. પણ મે કંઈ એનાં રાવણાં ઓછા નથી ખાધા! કદાચ એને હું પથ્થર મારતો એ નહીં ગમતું હોય. એટલે ભાદરવામાં જ્યારે હું પતંગ ચગાવતો ત્યારે તે મારી પતંગ ખાઈ જતો. ઊનામાં ઉત્તરાયણ કરતાં લોકો ભાદરવાના ચાર રવિવાર બહુ પતંગ ઉડાવે.

1. રાવણો અનેક પતંગો ખાઈ ગયો એટલે શું?
   (A) રાવણો અનેક પતંગો ગળી ગયો.
   (B) રાવણાએ અનેકે પતંગો લૂંટી લીધા.
   (C) રાવણામાં અનેક પતંગો ભરાઈ ગયા.
   (D) રાવણાએ અનેક પતંગો ફાડી નાખ્યાં.
2. વળાંકવાળો સળિયો લગાવેલો દંડ સાદા દંડ કરતા કેવી રીતે ઉપયોગી થતો હશે?
   (A) તે દેખાવમાં આકર્ષક લાગે તેથી આમળાં તોડવાની મજા આવે.
   (B) સળિયાના કારણે દંડ મજબૂત બને તેથી આમળાં તોડવામાં સરળતા રહે.
   (C) સળિયામાં આમળાં સરળતાથી ચોંટી જતા તેથી ઝડપથી આમળાં ખંખેરી શકાય.
   (D) સળિયામાં ઝાડની ડાળીઓ ભેરવીને આમળાં સરળતાથી ખંખેરી શકાય.
3. ફકરાને આધારે કયું વાક્ય સાચું છે?
   (A) ઘરની પાછળ આંબા અને આમળાંના ઝાડ હતા.
   (B) ઘરની પાછળ નાળિયેરી અને ઘરની સામે આમળાંનું ઝાડ હતું.
   (C) ઘરની સામે આંબો અને ઘરની બરાબર પાછળ આમળાંનું ઝાડ હતું.
   (D) વાડામાં આંબા, નાળિયેરી અને આમળાંના ઝાડ હતાં.

4. તમે ઊનામાં રહેતા હોત તો તમને શેની મજા આવત?

(A) ભાદરવાના ચાર રવિવાર પતંગ ચગાવવા મળત.

(B) ફક્ત ભાદરવાના ચાર રવિવાર જ પતંગ ચગાવવા મળત.

(C) ઉતરાયણના દિવસો સાથે બધા જ દિવસોમાં પતંગ ચગાવવા મળત.

(D) ઉતરાયણના દિવસો સાથે સાથે ભાદરવામાં પણ પતંગ ચગાવવા મળત.

5. આમળાંને ચાદરદોસ્ત કરી દેવાના - એટલે શું કરવાનું?

(A) આમળાંને ચાદરથી ઢાંકી દેવાનાં.

(B) આમળાંને ચાદરમાં ઝીલી લેવા નાં.

(C) આમળાંને દોસ્ત બનાવી દેવા નાં.

(D) આમળાંને નીચે પડી દેવા નાં.

પ્રશ્ન 8. આપેલા ફકરાને આધારે પ્રશ્નોના જવાબ આપો.

બધી જ સજીવ સૃષ્ટિ માટે ખોરાક અનિવાર્ય છે, પરંતુ માત્ર વનસ્પતિ જ પોતાનો ખોરાક જાતે બનાવી શકે છે. વનસ્પતિ સૂર્યપ્રકાશની હાજરીમાં હવામાંથી કાર્બન ડાયોક્સાઇડ અને જમીનમાંથી પાણી તથા ખનિજ ક્ષારોનો ઉપયોગ કરીને ખોરાક બનાવે છે. આ પ્રક્રિયાને 'પ્રકાશસંશ્લેષણ' કહેવામાં આવે છે. વનસ્પતિનાં પર્ણોમાં લીલા રંગનું રંજકદ્રવ્ય આવેલું હોય છે, જેને 'હરિતદ્રવ્ય' (ક્લોરોફિલ) કહે છે. આ હરિતદ્રવ્ય સૂર્યની શક્તિનું શોષણ કરવામાં પર્ણને મદદ કરે છે. પર્ણોને વનસ્પતિનું 'રસોડું' પણ કહેવામાં આવે છે, કારણ કે ખોરાક બનાવવાની ક્રિયા મુખ્યત્વે ત્યાં જ થાય છે. પ્રકાશસંશ્લેષણ દરમિયાન વનસ્પતિ ઓક્સિજન વાયુ મુક્ત કરે છે, જે પૃથ્વી પરના તમામ સજીવોના શ્વસન માટે જરૂરી છે. જો પૃથ્વી પર પ્રકાશસંશ્લેષણની ક્રિયા ન થાય, તો કોઈપણ સજીવનું અસ્તિત્વ શક્ય નથી. આમ, સૂર્ય એ પૃથ્વી પરના તમામ સજીવો માટે ઊર્જાનો અદ્વિતીય સ્રોત છે. વનસ્પતિ દ્વારા નિર્મિત ખોરાક સ્ટાર્ચ સ્વરૂપે સંગ્રહ પામે છે.

1. સૂર્ય ન હોય તો શું થાય?

(A) બધાને પ્રકાશ ન મળે.

(B) બધાને ચંદ્ર દેખાય.

(C) સજીવ સૃષ્ટિ ન રહે.

(D) પૃથ્વી પર અંધારું રહે.

2. વનસ્પતિને પ્રકાશ સંશ્લેષણ માટે શું જરૂરી છે?

(A) સૂર્યપ્રકાશ, ઓક્સિજન, કાર્બન ડાયોક્સાઇડ અને પાણી.

(B) સૂર્યપ્રકાશ, પાણી , ખનિજક્ષાર અને કાર્બન ડાયોક્સાઇડ

(C) ખનિજ ક્ષાર, પાણી , ઓક્સિજન અને કાર્બન ડાયોક્સાઇડ

(D) પાણી , ખનિજ ક્ષાર , કાર્બન મોનોક્સાઇડ અને સૂર્યપ્રકાશ

3. પ્રકાશસંશ્લેષણ એટલે શું?

(A) સૂર્યના પ્રકાશમાંથી પ્રકાશનું શોષણ કરવું

(B) સૂર્યના પ્રકાશમાંથી ગરમીનું શોષણ કરવું

(C) સૂર્યના પ્રકાશમાંથી પર્ણનું શોષણ કરવું

(D) સૂર્યના પ્રકાશમાંથી શક્તિનું શોષણ કરવું.

4. ફકરાને આધારે કયું વાક્ય સાચું નથી?

(A) સૂર્ય એ ઊર્જાનો અદ્વિતીય સ્રોત છે.

(B) સૂર્ય એ ઊર્જાનો અખૂટ સ્રોત છે.

(C) સૂર્ય એ ઊર્જાનો અસ્પષ્ટ સ્રોત છે .

(D) સૂર્ય એ ઊર્જાનો અજોડ સ્રોત છે.

5. પર્ણ માટે કઈ વિગત લાગુ પડતી નથી.

(A) તે પ્રકાશવિશ્લેષણની પ્રક્રિયા કરે છે.

(B) તે વનસ્પતિનું રસોડું છે.

(C) તેમાં હરિતદ્રવ્ય હોય છે.

(D) તે કાર્બન ડાયોક્સાઇડનું શોષણ કરે છે

## વાર્તા/ પ્રસંગ / ચાર્ટ / આલેખ કે પોસ્ટરના આધારે પ્રશ્નો

C-1.1 પાઠ્યસામગ્રી (સમાચાર, રિપોર્ટ્સ, સંપાદકીય) ને કાળજીપૂર્વક સાંભળીને અથવા વાંચીને મુખ્ય મુદ્દાઓ તારવે છે અને સારાંશ કરે છે.

G8111 સારાંશ કરવાની પૂર્વતૈયારી રૂપે શ્રવણ તેમજ વાંચન દ્વારા બહુભાષીય અને બહુવિષયક સામગ્રીનું અર્થઘટન રજૂ કરે છે.

પ્રશ્ન 1. ઘટનાના આધારે પ્રશ્નોના જવાબ લખો.

જાપાન દેશની આ ઘટના છે. એક નગરશેઠને ત્યાં એક ચોર ચોરી કરવા ગયો. નગરશેઠ જાગતા હતા. સહેજ અવાજ થતાં તેમને અણસાર આવી ગયો કે ઘરમાં ચોર પેઠો છે. નગરશેઠે ટેપ ઉપર રાષ્ટ્રગીત વગાડયું. પેલો ચોર રાષ્ટ્રગીત સાંભળતાં જ સ્થિર ઊભો રહી ગયો. નગરશેઠે પેલા ચોરના હાથ-પગ બાંધી દીધા. પોલીસ આવીને પેલા ચોરને પકડી ગઇ. કોર્ટમાં કેસ ચાલ્યો. પેલા ચોરને રાષ્ટ્રગીતનો આદર કરવા બદલ નિર્દોષ છોડવામાં આવ્યો અને પેલા નગરશેઠને બે વર્ષની સજા સંભળાવવામાં આવી. કારણ રાષ્ટ્રગીત વાગતું હતું ત્યારે નગરશેઠ ચોરના હાથ પગ બાંધી રહ્યા હતા.

1 ચોર ભાગી ગયો નહીં કારણ કે ...

(A) શેઠ ચોરને જોઈ ગયા હતા.
(B) પોલીસ આવી ગઈ હતી.
(C) રાષ્ટ્રગીતને માન આપવા ઊભો રહ્યો હતો.
(D) ટેપરેકોર્ડર ચાલુ થવાથી

2 નગરશેઠને શા માટે સજા કરવામાં આવી ?

(A) ચોરી નગરશેઠેજ કરી હતી તેથી...
(B) નગરશેઠ ચોર સાથે મળી ગયા હતા તેથી...
(C) નગરશેઠ ખોટુ બોલ્યા હતા તેથી...
(D) નગરશેઠે રાષ્ટ્રગીતનો અનાદર કર્યો હતો તેથી...

3 નગરશેઠે ટેપ પર રાષ્ટ્રગીત જ કેમ વગાડ્યું હશે?

(A) ચોર આવે ત્યારે રાષ્ટગીત વગાડવાનો નિયમ હશે.

(B) શેઠને રાષ્ટ્રગીત ગમતું હશે.

(C) સ્થિર ઊભા રહી રાષ્ટ્રગીતને માન આપવું જરુરી છે.

(D) રાષ્ટગીત એ પોલીસને બોલાવવાનો સંકેત હશે.

4 આપેલ ફકરામાં કયો મુખ્ય વિચાર પ્રગટ થયો છે?

(A) રાષ્ટ્રપ્રેમ

(B) મિત્રતા

(C) સમાનતા

(D) ઉદારતા

5 રાષ્ટ્રગીતને માન આપવા માટેની કઈ સ્થિતિ યોગ્ય છે?

(A) વિશ્રામની સ્થિતિમાં ઊભા રહેવુ.

(B) ગરદન નમાવી ઊભા રહેવું.

(C) નજર સામે રાખી સાવધાનની સ્થિતીમાં ઊભા રહેવું

(D) જેમ ઊભા હોઈએ તેમ જ સ્ટેચ્યુ થઈને ઊભા રહેવું.

પ્રશ્ન 2. આપેલા વાર્તાનાં આધારે પ્રશ્નોના જવાબ આપો.

જુમાએ મોટેથી ઠપકાની બૂમ પાડી, પણ તે પહેલાં વેણુ તો રસ્તે ચડી ગયો હતો. રસ્તામાં આડે રેલવેની સડક હતી. જરાક ઉતાવળે ચાલતાં, પાડાનો પગ રેલના બે પાટાની વચ્ચે આવી ગયો. પગને કાઢવા તેણે પ્રયત્ન કર્યો, પણ ફોગટ. ધબ દઇને નીચે બેસી ગયો, ને જેમ જેમ પગ કાઢવા પ્રયત્ન કર્યો તેમ તેમ વધારે ને વધારે ભરાતો ગયો. જુમો પાછળ હતો. તે શ્વાસભેર દોડ્યો આવ્યો. તેણે આવીને પાડાનો પગ લઇ આમતેમ મચડ્યો. પણ બધું વ્યર્થ! આછું અંધારું ને આછો ઉજાસ હતો. થોડે દૂર સિગ્નલનો હાથો નમેલો દેખાતો હતો. જુમાના પેટમાં ધ્રાસકો પડ્યો : ગાડી આવશે તો?! તે એકદમ રસ્તા તરફ દોડ્યો. સવારના વહેલા ફરવા

નીકળેલા બે શોખીન જુવાનને તેણે આવતા જોયા. તેમના એકેક હાથમાં નેતરની સોટીઓ ઊછળતી હતી અને ખુશનુમા હવા લેવા માથા પરથી ટોપીઓ ઉતારી બીજા હાથમાં લઇ લીધી હતી. ગાંડો દોડે તેમ જુમો દોડ્યો. 'એ ભાઇસા'બ! મારો વે... મારો પાડો. અબઘડી કપાઇ જશે. જુઓ, પણે જુઓ - પાટામાં સપડાયો છે!' બન્ને જણાએ જુમાએ દેખાડ્યું ત્યાં જોયું. કાંઇક કાળુંકાળું તરફડતું લાગ્યું. 'શું છે?' 'મારો વેણુ-પાડો!' 'ઓહો!... જા, જા, ફાટકવાળા પાસે દોડ...' 'તમે માબાપ, ટેકો દો તો પગ નીકળી જાય, જીવ બચે.' 'અમે? તું દોડ-દોડ-ફાટકવાળાને કહે!' એમ કહીને એ બન્ને જણા તો ચાલતા થઇ ગયા! જુમો ફાટકવાળા તરફ દોડ્યો, પણ ઘરમાંથી આવતા ઘંટીના અવાજ સિવાય કોઇ માણસ ફરકતું લાગ્યું નહિ. એટલામાં છેટે ગાડીની સિસોટી સંભળાઇ. જુમાએ ચારે તરફ એક નિરાશ દૃષ્ટિ ફેંકી. પણ માણસનું કોઇ છૈયું સરખું યે જણાયું નહિ.

1. જુમાના પેટમાં ધ્રાસકો પડ્યો એટલે જુમાને શું થયું?
   (A) જુમાને જોરથી પેટમાં દુખાયું.
   (B) જુમાના પેટમાં બળ્યું.
   (C) જુમાને ખૂબ દુઃખ થયું.
   (D) જુમો ખૂબ ડરી ગયો.
2. જુમાએ ચારે તરફ નિરાશ દૃષ્ટિ ફેંકી પણ ...
   (A) કોઈક માણસ દેખાયું.
   (B) એકપણ માણસ ન દેખાયો.
   (C) માણસ જ માણસ દેખાયા.
   (D) નાનું બાળક ન દેખાયું.
3. જુમાએ જુવાનોને શું કહ્યું?
   (A) જુમાએ જુવાનોને મદદ કરવા કહ્યું.
   (B) જુમાએ જુવાનોને  પાડાને ટેકો કરવા કહ્યું.
   (C) જુમાએ જુવાનોને  પાડાને ખાવાનું આપવા કહ્યું.
   (D) જુમાએ જુવાનોને સોટીનો ટેકો આપવા કહ્યું.

4. ફકરાને આધારે કયું વાક્ય સાચું છે?

(A) જુમાના બધા પ્રયત્નો સફળ થયા.

(B) જુમાના બધા પ્રયત્નો નિષ્ફળ નીવડ્યા.

(C) જુમાના બધા પ્રયત્નો ફળ્યા.

(D) જુમાના બધા પ્રયત્નો પાર પડ્યા.

5. સિગ્નલનો હાથો નમેલો દેખાતો હતો તે પરથી શું કહી શકાય?

(A) ગાડી આવવાની ઘણી વાર હતી.

(B) સિગ્નલનો હાથો તૂટી ગયો હતો.

(C) ગાડી આવવાની તૈયારી હતી.

(D) ગાડીનું સિગ્નલ નમી ગયું હતું.

પ્રશ્ન 3. આપેલા પ્રસંગને આધારે પ્રશ્નોના જવાબ આપો.

આ સાંભળતાં જ રસિકભૈ બોલ્યા, “તીખું લાગતું હોય તો સાહેબ, શાકમાં ચમચો દહીં આપું?□ કહી શાકમાં ચમચો દહીં આપી ગયા. બીજા પરોઠા હાઉસમાં પચાસ પૈસાનું દહીં કે છાસ એકસ્ટ્રા લેવું પડે. મારી સામે બેઠેલા માણસ પાસેથી આ બધું જાણ્યું.પછી એ માણસે કહ્યું , બીજા પરોઠા હાઉસમાં જઉં તો કોઈ માન દઈને નો બોલાવે. ગઈ કાલે તો આ પરોઠા હાઉસ બંધ હતું તે બીજે જવું પડ્યું ને રસો માગ્યો તો કહે , ખાવું હોય તો ખાવ નંઈ તો હાલવા માંડો. તે મારે તો ઈંયાં ઝઘડો થઈ ગયો. પચી માણસ ભેગું થઈ ગ્યું. પણ આંય તો ઘર જેવું. આગ્રહ કરીને જમાડે. સામેથી પૂછે , □ રસો જોઈએ ? ભાતમાં દહીં આપું ? □પછી તો મેં ઘણીવાર જોયું ; રોજના ઘરાક પાસે ક્યારેક પૈસા ન હોય અને એકાદ પરોઠો ઓછો ખાય તો રસિકભૈ આગ્રહ કરીને બીજો પરોઠો આપે ને કહે , □ આના પૈસા નહિ ગણીએ , ચંત્યા કર મા . □ વળી ભાવ પણ બીજા પરોઠા હાઉસ કરતાં ઓછા. અનાજ પણ સારું વાપરવાનું. ક્યારેય જમવામાં કાંકરી કે વાળ ન આવે. વળી જે કોઈ માગવાવાળા આવે એમાંથી ઘરડાં તથા નાનાં બાળકોને અચૂક પરોઠો ને શાક આપે. એક વાર મેં પૂછ્યું , □ આમ ઘણા બધાને ક્યારેક મફત પરોઠો ને શાક આપો છો તો વકરો ઓછો નથી થતો ? □એણે જવાબ આપ્યો , □ સાહેબ , આંય ચાં કમાવા માટે પરોઠા હાઉસ ખોલ્યું સે ? બધાને જમાડવા ખોલ્યું સે. □

1. રસિકભાઈને ત્યાં ગ્રાહકોની ભીડ કેમ રહેતી હશે?

(A) તેમના પરોઠા બધા કરતાં સરસ બનતા હતા.

(B) તે બધાને મફતમાં જમાડતા હતા.

(C) તે બધાને આગ્રહપૂર્વક પ્રેમથી જમાડતા હતા.

(D) તેમનું પરોઠા હાઉસ સુંદર હતું.

2. રસિકભાઈને નફો ઓછો થવાની ચિંતા કેમ ન હતી?

(A) રસિકભાઈ બહુ પૈસાદાર માણસ હતા.

(B) રસિકભાઈ નફાને ગૌણ માનતા હતા.

(C) રસિકભાઈને બીજા માણસ પાસેથી પૈસા મળતા હતા.

(D) રસિકભાઈ નફાને પ્રાધાન્ય આપતા હતા.

3. ક્યારેક ગ્રાહક પાસે પૈસા ન હોય તો રસિકભાઈ શું કરતા?

(A) બધું ખાવાનું મફતમાં આપી દેતા.

(B) બીજે જઈ જમવાનું કહેતા.

(C) પછી પૈસા ભરપાઈ કરવાનું કહેતા.

(D) એકાદ પરોઠો મફતમાં આપી દેતા.

4. રસિકભાઈને કઈ વિગત લાગુ પડતી નથી?

(A) રસિકભાઈ ફક્ત ઘરડા માણસોને મફત જમવાનું આપતા.

(B) બીજા પરોઠા હાઉસ કરતા ઓછા ભાવ ગણતા હતા.

(C) બીજા પરોઠા હાઉસ કરતા સારું અનાજ વાપરતા હતા.

(D) રસોઈ બનાવવામાં સ્વચ્છતા જાળવતા.

5. બીજા પરોઠા હાઉસમાં ગ્રાહકને કેવો અનુભવ થયો?


(A) ગ્રાહકને મફત ખાવાનું ન મળ્યું.

(B) ગ્રાહકને શાકમાં વાળ આવ્યો.

(C) ગ્રાહકને અપમાન થયું હોય એમ લાગ્યું.

(D) ગ્રાહકને પ્રેમથી જમવાનું પીરસાયું.

**પ્રશ્ન 4. પુસ્તક વિશેનાં સૂત્રો વાંચી પૂછેલા પ્રશ્નોના જવાબ આપો.**




1 **જૂનાં કપડાં પહેરીને પણ નવાં પુસ્તકો ખરીદવા જોઈએ. – આ વાક્ય સાથે નીચેના વિકલ્પોમાંથી કયો વિચાર જુદા પડે છે?**

(A) **જરૂરી ભૌતિક વસ્તુઓ કરતા પુસ્તકને વધુ મહત્વ આપવું.**

(B) **કપડાં કરતાં સારા પુસ્તકને વધુ મહત્વ આપવું.**

(C) **પુસ્તક મોંઘાં કપડાંથી વધુ મૂલ્યવાન છે.**

(D) **પુસ્તક ઘણું મોંઘું હોવાથી જૂના કપડાં પહેરી ખરીદવું પડે.**

2 મનમાં રહેલાં અજ્ઞાન, કુવિચારોને સારા પુસ્તક દૂર કરે છે. આ વિધાનને લગતું સૂત્ર કયું છે?

(A) વિચારોના યુદ્ધમાં પુસ્તકો જ શસ્ત્રો છે.

(B) પુસ્તકો મન માટે સાબુનું કાર્ય કરે છે.

(C) પુસ્તકો આપણાં મિત્રો છે.

(D) સારાં પુસ્તક શ્રીમંત અને સુખી બનાવે છે.

3 જો આપણા ઘરમાં સારાં પુસ્તકો નથી તો રહેણાંક કોના જેવું બની જાય છે?

(A) સાગર

(B) દીવાદાંડી

(C) સ્મશાન

(D) વિચારોના યુદ્ધ જેવું

4 આપેલાં સૂત્રોનો ભાવાર્થ સમજાવતું વિધાન શોધો.

(A) જીવનના કોઈપણ સમયમાં પુસ્તક દિશાદર્શક બની રહે છે.

(B) પુસ્તક માનવનું જીવન છે.

(C) પુસ્તક વિના મનુષ્ય હાડપિંજર છે.

(D) જો પુસ્તકનો સંગાથ ન હોય તો માનવ દાનવ બને છે.

5 ઉપરના સૂત્રોના આધારે પુસ્તકની સરખામણીમાં કયો વિકલ્પ જુદો પડે?

(A) દીવાદાંડી

(B) મિત્રતામાં કદી નિષ્ફળ ન જનાર મિત્ર

(C) દેવતા

(D) સ્મશાન

પ્રશ્ન 5. આપેલ પોસ્ટરના આધારે પ્રશ્નોના જવાબ લખો. (પ્રશ્ન દીઠ 1 ગુણ)

1. જો કોઈ રમતવીરને મેદાન પર તાત્કાલિક શક્તિ (Instant Energy) ની જરૂર હોય, તો ચિત્રમાં દર્શાવેલા કયા જૂથમાંથી તેણે ખોરાક લેવો જોઈએ?

(A) કઠોળ અને દૂધ

(B) ફળો અને શાકભાજી

(C) અનાજ

(D) તેલ અને ઘી

2. એક બાળકને વારંવાર બીમારીઓ થાય છે અને તેની રોગપ્રતિકારક શક્તિ ઓછી છે. કોષ્ટક મુજબ તેના આહારમાં કઈ વસ્તુઓનો સમાવેશ વધારવો જોઈએ?

(A) ઘઉં અને બાજરી

(B) મગફળીનું તેલ અને ઘી

(C) પાલક, ગાજર અને સફરજન

(D) ચણા અને મગ

3. ચિત્રમાં દર્શાવેલ 'બોડી બિલ્ડર' જેવી સ્નાયુબદ્ધ આકૃતિ શા માટે 'કઠોળ અને દૂધ' ના જૂથ સાથે સુસંગત છે?

(A) કારણ કે તે ઉર્જા આપે છે.

(B) કારણ કે પ્રોટીન સ્નાયુઓના વિકાસ અને શરીરના સમારકામ માટે જરૂરી છે.

(C) કારણ કે તેનાથી આંખોનું તેજ વધે છે.

(D) કારણ કે તે મગજનું સ્વાસ્થ્ય સુધારે છે.

4. જો કોઈ વ્યક્તિ લાંબા સમય સુધી માત્ર 'તેલ અને ઘી' જ ખોરાકમાં લે અને 'અનાજ' ન ખાય, તો તેના શરીરમાં શું ફેરફાર જોવા મળે?

(A) તેની રોગપ્રતિકારક શક્તિ વધી જશે.

(B) તેના શરીરમાં ઉર્જાનો સંગ્રહ થશે પણ તાત્કાલિક કામ કરવાની શક્તિ ઘટશે.

(C) તેના સ્નાયુઓ ખૂબ મજબૂત બનશે.

(D) તેની આંખોનું તેજ વધી જશે.

5. "ખાસ નોંધ" માં આપેલ જંક ફૂડ (પિઝ્ઝા, બર્ગર) થી દૂર રહેવાની સલાહ પાછળનું મુખ્ય વૈજ્ઞાનિક કારણ શું હોઈ શકે?

(A) તેમાં વિટામિન અને ખનિજોનો અભાવ હોય છે.

(B) તેમાં પ્રોટીનનું પ્રમાણ ખૂબ વધારે હોય છે.

(C) તે પાણીનું પ્રમાણ ઘટાડે છે.

(D) તે મગજને સક્રિય બનાવે છે.

6. નીચેનામાંથી કઈ જોડ ખોટી રીતે જોડાયેલી છે?

(A) અનાજ →કાર્બોદિત→કામ કરવાની શક્તિ

(B) તેલ અને ઘી → ચરબી → ઉર્જાનો સંગ્રહ

(C) કઠોળ - વિટામિન → સ્નાયુ વિકાસ

(D) ગાજર → ખનિજો → આંખોનું તેજ

7. રવિને અંધારામાં જોવામાં તકલીફ પડે છે (રતાંધળાપણું). ચિત્રમાં આપેલ ઉદાહરણોમાંથી કયો ખોરાક તેને આ સમસ્યામાં સૌથી વધુ મદદરૂપ થશે?

(A) મગ અને પનીર

(B) ઘઉં અને ચોખા

(C) ગાયનું ઘી

(D) પાલક અને ગાજર

8. જો કોઈ બાળક સતત થાક અનુભવતું હોય અને તેનામાં રમવાની શક્તિ ન હોય, તો તેના આહારમાં કયા પોષક તત્વોની ઉણપ હોઈ શકે?

9. "રોગપ્રતિકારક શક્તિ" એટલે શું? જો કોઈ બાળક વારંવાર બીમાર પડતું હોય, તો તેને પોસ્ટર મુજબ કયા ખોરાકનું પ્રમાણ વધારવાની સલાહ આપશો?

10. અજયને જિમમાં જઈને સ્નાયુઓ (Muscles) મજબૂત બનાવવા છે. તેના ડાયેટ ચાર્ટમાં કયા ખાનાની વસ્તુઓ સૌથી વધુ હોવી જોઈએ? શું માત્ર તે ખાવાથી જ વિકાસ થશે?

પ્રશ્ન 6. આપેલ ગુણચાર્ટના આધારે પ્રશ્નોના જવાબ લખો. (પ્રશ્ન દીઠ 1 ગુણ)

| વિદ્યાર્થીનું નામ | મેળવેલ ગુણ | સમય (મિનિટમાં) | ભૂલના પ્રકાર |
|---|---|---|---|
| આર્યન | 24 | 20 | ગણતરીની ભૂલ |
| જીયા | 24 | 35 | ઉતાવળ |
| ભવ્ય | 15 | 40 | પાયાની સમજની કમી |
| નિષ્ઠા | 20 | 30 | પ્રશ્ન સમજવામાં ભૂલ |
| હેત | 18 | 25 | સૂત્ર ભૂલી જવું |

1. આર્યન અને જીયા બંનેના ગુણ સમાન છે, છતાં પણ શિક્ષક જીયાને વધુ મહાવરાની સલાહ આપે છે. આ માટે કયું કારણ જવાબદાર હોઈ શકે?

(A) જીયાએ આર્યન કરતાં 15 મિનિટ વધુ સમય લીધો છે.

(B) જીયાના ગુણ ઓછા છે.

(C) આર્યને ગણતરીમાં ભૂલ કરી છે.

(D) જીયાને ગણિત ગમતું નથી.

2. ભવ્યને ગણિતમાં સુધારો કરવા માટે નીચેનામાંથી કઈ વ્યૂહરચના સૌથી વધુ અસરકારક રહેશે?

(A) વધુ ઝડપથી લખવાની પ્રેક્ટિસ.

(B) નવાં સૂત્રો પાકાં કરવાં.

(C) ધોરણ ૬ અને ૭ ના પાયાના ખ્યાલોનું પુનરાવર્તન.

(D) સમય મર્યાદામાં પેપર પૂરું કરવું.

3. જો વર્ગની સરેરાશ સમય મર્યાદા ૩૦ મિનિટ હોય, તો કયા વિદ્યાર્થીઓએ સરેરાશ કરતાં વધુ સમય લીધો છે અને તેમને ગુણ સુધારવાની પણ જરૂર છે?

(A) આર્યન અને જીયા

(B) ભવ્ય અને જીયા

(C) નિષ્ઠા અને હેત

(D) માત્ર ભવ્ય

4. ચાર્ટ મુજબ, કયા બે વિદ્યાર્થીઓની સમસ્યા 'એકાગ્રતા' (Concentration) સાથે જોડાયેલી હોઈ શકે છે?

(A) ભવ્ય અને હેત

(B) આર્યન અને જીયા

(C) નિષ્ઠા અને આર્યન

(D) જીયા અને નિષ્ઠા

5. જો આ કસોટીમાં 'સમય' ને મુખ્ય માપદંડ બનાવવામાં આવે, તો પ્રથમ ક્રમ કોનો આવી શકે?


(A) ભવ્ય

(B) નિષ્ઠા

(C) હેત

(D) આર્યન

પ્રશ્ન 7. આપેલ આલેખના આધારે પ્રશ્નોના જવાબ લખો. (પ્રશ્ન દીઠ 1 ગુણ)



1. ચાર્ટ મુજબ, 2019 થી 2023 દરમિયાન કયા ઉર્જા સ્રોતમાં સૌથી ઝડપી અને વધુ વૃદ્ધિ જોવા મળી છે?

(A) એક પણ નહીં

(B) સૌર ઉર્જા

(C) બંનેમાં સમાન વૃદ્ધિ છે

(D) પવન ઉર્જા

2. સૌર અને પવન ઊર્જાના વપરાશ અને પ્રદૂષણ ઘટાડા વચ્ચે કેવો સંબંધ જોવા મળે છે?

(A) ઉલટો સંબંધ (એનર્જી વધે તો પ્રદૂષણ વધે)

(B) કોઈ સંબંધ નથી

(C) માત્ર પવન ઉર્જા જ પ્રદૂષણ ઘટાડે છે

(D) સીધો સંબંધ (એનર્જી વધે તેમ પ્રદૂષણ ઘટાડો પણ વધે)

3. 2021 થી 2022 ના વર્ષ દરમિયાન સૌર ઉર્જામાં અચાનક મોટો ઉછાળો આવવાનું સંભવિત કારણ શું હોઈ શકે?

(A) પવન ઓછો ફૂંકાયો હશે

(B) સરકારની સોલર પેનલ માટેની સબસિડી અને પ્રોત્સાહન નીતિઓ

(C) વરસાદ વધુ પડ્યો હશે

(D) લોકોએ વીજળી વાપરવાનું બંધ કર્યું હશે

4. જો આ જ ગતિએ સૌર અને પવન ઊર્જા વધતી રહે, તો 2025 સુધીમાં પ્રદૂષણ ઘટાડાની સ્થિતિ શું હોઈ શકે?

(A) પ્રદૂષણ 100% વધી જશે

(B) 25% થી ઓછી

(C) ઘટાડો શૂન્ય થઈ જશે

(D) લગભગ 35% થી 40% ની આસપાસ

5. ચાર્ટના આધારે કયું વિધાન ખોટું છે?

(A) સૌથી વધુ પ્રદૂષણ ઘટાડો 2023 માં થયો છે

(B) પવન ઉર્જા દર વર્ષે વધી રહી છે

(C) સૌર ઉર્જા પવન ઉર્જા કરતા પાછળ રહી ગઈ છે

(D) બંને સ્ત્રોતો રિન્યુએબલ છે

6. પવન ઊર્જાની વૃદ્ધિ ધીમી હોવાનું તાર્કિક કારણ શું હોઈ શકે?

(A) લોકોને પવનચક્કી ગમતી નથી

(B) પવનચક્કીઓ સસ્તી છે

(C) પવન ઉર્જા પ્રદૂષણ ફેલાવે છે

(D) પવનચક્કી સ્થાપવા માટે ચોક્કસ ભૌગોલિક સ્થિતિ અને વધુ જગ્યાની જરૂરિયાત

7. 2019 ની સરખામણીમાં 2023 માં સૌર ઊર્જા કેટલા ગણી વધી છે?

(A) 3 ગણી

(B) 5.5 ગણી

(C) 10 ગણી

(D) 2 ગણી

પ્રશ્ન 8. આપેલ ચાર્ટના આધારે પ્રશ્નોના જવાબ લખો.          (પ્રશ્ન દીઠ 1 ગુણ)




1. જો કોઈ ઉમેદવાર પાસે 5 વર્ષનો અનુભવ હોય અને તેને 'ટેલી' સોફ્ટવેરનું જ્ઞાન હોય, તો તે નીચેનામાંથી કઈ પોસ્ટ માટે સૌથી વધુ યોગ્ય ગણાય?
   (A) સેલ્સ એક્ઝીક્યુટીવ
   (B) બીલીંગ સુપરવાઈઝર
   (C) કેશિયર
   (D) ઉપરની તમામ

2. એક ઉમેદવાર જે ગ્રેજ્યુએટ છે અને વેચાણ માટે હકારાત્મક વલણ ધરાવે છે, પરંતુ તેની પાસે કોઈ અનુભવ નથી. શું તે સેલ્સ એક્ઝીક્યુટીવ તરીકે પસંદગી પામી શકશે? શા માટે?

(A) હા, કારણ કે તે ગ્રેજ્યુએટ છે.

(B) ના, કારણ કે તેને ઓછામાં ઓછો 2 વર્ષનો અનુભવ જોઈએ.

(C) હા, કારણ કે તે સ્માર્ટ અને ઉત્સાહી છે.

(D) ના, કારણ કે તેને 'ટેલી' આવડતું નથી.

3. જાહેરાત મુજબ ઇન્ટરવ્યૂનો કુલ સમયગાળો કેટલો નક્કી કરવામાં આવ્યો છે?

(A) 5 કલાક

(B) 4 કલાક અને 30 મિનિટ

(C) 12 કલાક

(D) 3 કલાક અને 30 મિનિટ

4. નીચેનામાંથી કઈ વિગત ઉમેદવારે ઇન્ટરવ્યૂ સમયે સાથે રાખવી અનિવાર્ય નથી?

(A) સંપૂર્ણ બાયોડેટા

(B) અનુભવની વિગત

(C) અપેક્ષિત પગારની વિગત

(D) વાહન ચલાવવાનું લાયસન્સ

5. 'કેશિયર' અને 'બીલીંગ સુપરવાઈઝર' ની લાયકાતમાં કઈ બાબત સમાન છે?

(A) બંને માટે 'ટેલી' નું જ્ઞાન જરૂરી છે.

(B) બંને માટે ઓછામાં ઓછો 3 વર્ષનો અનુભવ જરૂરી છે.

(C) બંને માટે ગ્રેજ્યુએશન ફરજિયાત છે.

(D) બંને માટે સ્ત્રી ઉમેદવાર જ જોઈએ.

6. જાહેરાતમાં કઈ પોસ્ટ માટે સ્ત્રી અને પુરુષ બંનેની અરજી સ્વીકારવાની સ્પષ્ટતા કરવામાં આવી છે?

(A) કેશિયર

(B) બીલીંગ સુપરવાઈઝર

(C) સેલ્સ એક્ઝીક્યુટીવ

(D) તમામ પોસ્ટ માટે

7. જાહેરાત મુજબ ઇન્ટરવ્યૂ કયા દિવસે રાખવામાં આવેલ છે?

(A) રવિવાર

(B) સોમવાર

(C) શુક્રવાર

(D) શનિવાર

પ્રશ્ન 9. આપેલ પોસ્ટરના આધારે પ્રશ્નોના જવાબ લખો.       (પ્રશ્ન દીઠ 1 ગુણ)

૧. જો કોઈ વ્યક્તિ એમ કહે કે "હું માત્ર દિવસમાં એક જ વાર તમાકુ ખાઉં છું, તેનાથી નુકસાન નહીં થાય," તો પોસ્ટરના આધારે તમે તેને શું દલીલ કરશો?

(A) એક વાર ખાવાથી કાંઈ ન થાય.

(B) એનાથી ધીમે ધીમે આદત બની જાય છે.

(C) માત્ર મોંઘી તમાકુ ખાવી જોઈએ.

(D) તે વ્યક્તિની મરજી છે.

૨. તમાકુની જાહેરાતો આકર્ષક બતાવવામાં આવે છે, જ્યારે વાસ્તવિકતામાં તે જીવલેણ છે. આ બે વચ્ચેના તફાવતને તમે કેવી રીતે જોશો?

(A) કંપનીઓ માત્ર નફા માટે નુકસાનકારક વસ્તુને સારી બતાવે છે.

(B) જાહેરાતો હંમેશાં સાચી હોય છે.

(C) જાહેરાત જોઈને જ વસ્તુ ખરીદવી જોઈએ.

(D) તમાકુ ખાવાથી લોકો સ્ટાઇલિશ બને છે.

૩. સાર્વજનિક સ્થળોએ ધૂમ્રપાન પર પ્રતિબંધ કેમ હોવો જોઈએ?

(A) કારણ કે ધુમાડો વાતાવરણ ગંદુ કરે છે.

(B) કારણ કે આસપાસના લોકોના સ્વાસ્થ્યને પણ નુકસાન થાય છે.

(C) કારણ કે ધુમાડાથી આંખોમાં બળતરા થાય છે.

(D) કારણ કે સરકારને દંડ વસૂલવો છે.

૪. જો તમારા કોઈ નજીકના મિત્રને તમાકુની આદત પડી ગઈ હોય, તો તમે એક જવાબદાર મિત્ર તરીકે પ્રથમ પગલું શું લેશો?

(A) તેની સાથે મિત્રતા તોડી નાખશો.

(B) તેને ડરાવીને માર મારશો.

(C) તેને તમાકુનાં જોખમો સમજાવી કોઈ વડીલ કે ડોક્ટરની મદદ લેવા પ્રેરશો.

(D) તેને જોઈને તમે પણ શીખશો.

૫. એક પરિવારમાં પિતા તમાકુ પાછળ દર મહિને ૨૦૦૦ રૂપિયા ખર્ચે છે. આ આર્થિક નુકસાનની બાળકના શિક્ષણ પર કેવી અસર પડી શકે?

(A) કોઈ અસર નહીં પડે.

(B) શિક્ષણ માટે જરૂરી સાધનો કે ફી માટે પૈસાની તંગી પડી શકે છે.

(C) બાળક વધુ હોશિયાર બનશે.

(D) પિતાની તબિયત સારી રહેશે.

૬. તમાકુ મુક્ત સમાજ દેશના વિકાસમાં કેવી રીતે ફાળો આપી શકે?

(A) લોકો વધુ કામ કરી શકશે અને બીમારી પાછળનો સરકારી ખર્ચ ઘટશે.

(B) દેશમાં તમાકુની ફેક્ટરીઓ ઘટશે.

(C) લોકો વધુ આળસુ બનશે.

(D) લોકો ઓછું કામ કરશે.

૭. નીચેનામાંથી કયું વિધાન 'તમાકુ નિષેધ' ના સાચા હેતુને સ્પષ્ટ કરે છે?

(A) માત્ર પૈસા બચાવવા.

(B) રોગમુક્ત અને તંદુરસ્ત પેઢીનું નિર્માણ કરવું.

(C) માત્ર દાંતને સફેદ રાખવા.

(D) ટીવી પર જાહેરાત આપવી.

૮. જો તમને 'તમાકુ નિષેધ' અભિયાનના લીડર બનાવવામાં આવે, તો તમે લોકોને જાગૃત કરવા કઈ પદ્ધતિ સૌથી અસરકારક માનો છો?

(A) લોકોને જેલમાં મોકલી દેવા.

(B) આ બાબતે મૌન રહેવું.

(C) તમાકુની કિંમત ઘટાડવી.

(D) તેની ખરાબ અસરો બતાવીને સમજાવવા.

## કાવ્ય આધારિત પ્રશ્નો

C-3.2 સમુચિત શૈલી અને ભાષાનો ઉપયોગ કરીને ગદ્ય, પદ્ય અને નાટક લખે છે.

G8321 શબ્દપસંદગી, વાક્ય રચનાનું વૈવિધ્ય, વાક્યમાં શબ્દોની ગોઠવણીના આધારે ગદ્ય, પદ્ય અને નાટ્ય સામગ્રીની સરખામણી કરે છે.

પ્રશ્ન 1. નીચે આપેલ પદ્યના આધારે પ્રશ્નોના જવાબ લખો. (2 ગુણ)

રજાઓ દિવાળી તણી થઈ પૂરી, ને ઘર મહીં
દહાડાઓ કેરી સ્ખલિત થઈ શાંતિ પ્રથમની.
વસેલાં ધંધાર્થે દૂરસુદૂર સંતાન નિજનાં
જવાનાં કાલે તો, જનકજનની ને ઘર તણાં

પ્રશ્નો :

1. શાંતિનો ભંગ થવાનું કારણ શું છે ?
   (A) દિવાળીની રજાઓ પડી હતી તેથી
   (B) દિવાળીની રજાઓ પૂરી થઈ ગઈ
   (C) પ્રથમ શાંતિ હતી તેથી
   (D) વધુ દિવસો થયા તેથી
2. આવતીકાલે શું થવાનું છે ?
   (A) મહેમાનો આવવાના છે.
   (B) સંતાનો જતાં રહેવાના છે.
   (C) જનક-જનની કાલે જશે.
   (D) જનક-જનની કાલે આવશે.

પ્રશ્ન 2. નીચે આપેલ પદ્યના આધારે પ્રશ્નોના જવાબ લખો. (2 ગુણ)

ભાઈ! પેલી પીલુડી,
ઘેરી ઘેરી લીલુડી,
આભલડામાં ચાંદરડાં,
પીલુડીમાં પીલુડાં.
હીરા-માણેક ઊગ્યાં ત્યાં!
ચાલો રમવા જઇશું ક્યાં ?

પ્રશ્નો :

1. પીલુડીનાં પીલુડાં કેવાં છે ?
   (A) જેવી રીતે આકાશમાં ચાંદરડાં છે.
   (B) પીલુડા ઘેરાં ઘેરાં છે.
   (C) પીલૂડા જેવાં
   (D) આભ જેવાં

2. લીલું-લીલુડી તો વીજળી હોય તો
   (A) વીજલીડી
   (B) વીજલડી
   (C) વજીલડી
   (D) વીજીલડી

પ્રશ્ન 3. નીચે આપેલ પદ્યના આધારે પ્રશ્નોના જવાબ લખો. (2 ગુણ)

ભાઈ રે, આપણા દુ:ખનું કેટલું જોર?
નાની એવી જાતક વાતનો મચવીએ નહિ શોર!
ભારનું વાહન કોણ બની રહે?
નહી અલૂણનું કામ, આપણે તો બડભાગી,
ખમીરનું આજ ગવાય રે ગાન;
સજલ મેઘની શાલપે સોહે રંગધનુષની કોર.
ભાઈ રે, આપણા દુ:ખનું કેટલું જોર?

પ્રશ્નો :

1. કવિના મતે આપણા દુઃખનું જોર કેટલું છે ?

(A) ઘણું વધારે છે.

(B) સાધારણ છે.

(C) ભાઈના જોર જેવું

(D) જાતકની વાત જેવું

2. કોનું ગીત ગવાતું હોય છે ?

(A) નિરાશાવાદી માણસનું

(B) ખુમારીવાળા માણસનું

(C) અલૂણ માણસનું

(D) ગાનાર માણસનું

પ્રશ્ન 4. નીચે આપેલ પદ્યના આધારે પ્રશ્નોના જવાબ લખો. (2 ગુણ)

મને એ જ સમજાતું નથી કે આવું શાને થાય છે.
ફૂલડાં ડૂબી જતાં ને પથ્થરો તરી જાય છે !
ટળવળે તરસ્યાં, ત્યહાં જે વાદળી વેરણ બને,
તે જ રણમાં ધૂમ મુશળધાર વરસી જાય છે !

પ્રશ્નો :

1. "ફૂલડાં ડૂબી જતાં ને પથ્થરો તરી જાય છે" પંક્તિનો ભાવ નીચેનામાંથી કયો છે?

(A) પાણીમાં ફુલ ડૂબી જાય છે અને પથ્થર તરે છે.

(B) સજ્જનો હેરાન થાય છે અને દુર્જનો મજા લૂંટે છે.

(C) ફૂલ તારે છે ને પથ્થર ડૂબે છે.

(D) ફૂલ અને પથ્થર બંને ડૂબે છે.

2. વાદળીએ ક્યાં વરસવું જોઈએ ?

(A) જ્યાં તરસ્યાં લોકો ટળવળતાં હોય ત્યાં.

(B) જ્યાં રણ હોય ત્યાં.

(C) જ્યાં વેરણ હોય ત્યાં

(D) જ્યાં લોકો ન હોય ત્યાં

પ્રશ્ન 5. નીચે આપેલ પદ્યના આધારે પ્રશ્નોના જવાબ લખો. (2 ગુણ)

વા વા  વંટોળિયા રે !
વાયરા વન વગડામાં વાતા'તા વા વા  વંટોળિયા રે !
હા રે અમે ગાડામાં બેસીને જાતા'તા, વા વા  વંટોળિયા રે !
ગાડાં દોડે, ઘૂઘરા બોલે,
બળદ કેરાં શિંગડાં ડોલે !
હા રે અમે એકસાથ સાથ મળી ગાતા'તા વા વા  વંટોળિયા રે !
ધોમ ધખેલા,આભ તપેલાં,
ગરમી કેળી ગાર લીંપેલા,
હા રે અમે ઊની ઊની લૂ મહીં નાહતા'તા, વા વા  વંટોળિયા રે !

પ્રશ્નો

1. વનવગડામાં શું થઈ રહ્યું છે ?
   (A) વનવગડામાં વરસાદ વરસી રહ્યો છે.
   (B) વનવગડામાં વંટોળિયો વાઇ રહ્યો છે.
   (C) ગાડું વંટોળે ચડ્યું છે.
   (D) લોકોને વંટોળમાં જવું છે.
2. લોકોને કેવો અનુભવ થઈ રહ્યો છે ?
   (A) ગરમી લાગી રહી છે.
   (B) ઠંડી લાગી રહી છે.
   (C) લોકો ઊડી રહ્યા છે.
   (D) લોકો દોડી રહ્યા છે.

## જોડકાં આધારે પ્રશ્નો

**C-3.1** **વિવિધ સાહિત્યસ્વરૂપોના વાંચન દરમિયાન ભાષાકીય બંધારણીય ઘટકો (વાક્યરચના, વિરામચિહ્નો, કાળ, લિંગ) અને ભાષારચનાના ઘટકો (નામ, સર્વનામ, ક્રિયાપદ, વિશેષણ, ક્રિયાવિશેષણ, વિસ્મયબોધક, નામયોગી અવ્યવ, સંયોજકો)ના અર્થની સમજ કેળવે છે અને તેનો લખવામાં ઉપયોગ કરે છે.**

G8315 ભાષા સજ્જતાના ઘટકો [વિભક્તિ (કરણ, અધિકરણ, અપાદાન,કર્મ, સંપ્રદાન), એકાધિક ક્રિયાવિશેષણ ઉપયોગ, નામયોગી (અગાઉ, પૂર્વે, વતી, ખાતર,.. )સમાસ (દ્વંદ્વ , દ્વિગુ, ષષ્ઠી તત્પુરુષ), વાક્યરચનાઓ (પ્રેરક)]નો ઉપયોગ સામગ્રીમાં ક્યાં થયો છે તે દર્શાવે છે.

પ્રશ્ન 1. ત્રણેય વિભાગોનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય બનાવો. (5 ગુણ)

| અ | બ | ક |
|---|---|---|
| 1. તેણે ખૂબ મહેનત કરી. | જો...તો... | તમે ઘરેથી નીકળજો. |
| 2. વરસાદ આવશે. | જ્યારે...ત્યારે | પાક સારો થશે. |
| 3. દરિયામાં તોફાની પવન ફૂંકાયો. | અને | સારું પરિણામ મેળવ્યું. |
| 4. વાવેતર બરાબર થશે. | જો...તો... | નાવ હાલક-ડોલક થવા લાગી. |
| 5. હું ઘરે આવું. | પછી | ખેડૂતો ખુશ થશે. |

પ્રશ્ન 2. સંયોજકોનો ઉપયોગ કરી જોડકાં જોડી અર્થપૂર્ણ વાક્ય બનાવો. (5 ગુણ)

| | અ | બ | ક |
|---|---|---|---|
| 1. | યોગ્ય, પૌષ્ટિક ખોરાક લેશો. | તો પણ | પ્રયત્ન ન છોડવો જોઈએ. |
| 2. | બીજ બરાબર વાવો. | જો...તો... | ફાસ્ટ ફૂડ વધારે ખાય છે. |
| 3. | નિયમિત કસરત કરશો. | છતાં | બીમાર નહિ પડો. |
| 4. | પરિણામનો ખ્યાલ હોય. | જો...તો... | ફળ તરત જ મળે ખરેખરું ? |
| 5. | ગોલીનું શરીર ફૂલી ગયું. | કારણ કે | શરીર કસાયેલું રહેશે. |

C-3.2 સમુચિત શૈલી અને ભાષાનો ઉપયોગ કરીને ગદ્ય, પદ્ય અને નાટક લખે છે.

G8321 શબ્દપસંદગી, વાક્ય રચનાનું વૈવિધ્ય, વાક્યમાં શબ્દોની ગોઠવણીના આધારે ગદ્ય, પદ્ય અને નાટ્ય સામગ્રીની સરખામણી કરે છે.

G8323 વાક્યરચનાને સમૃદ્ધ બનાવવા માટે શીખી ગયેલા ભાષા રચના અને ભાષા સજ્જતાના ઘટકોનો ઉપયોગ કરે છે,

પ્રશ્ન 3. ત્રણેય વિભાગોનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય બનાવો. (5 ગુણ)

| | અ | બ | ક |
|---|---|---|---|
| 1. | કાચનો ગ્લાસ | સારાં પુસ્તકો | હાથ ચાલાકી કરે |
| 2. | ગુજરાતી વિષયના | જાદૂગર | વિદ્યાર્થી છે. |
| 3. | મહેનત ન કરનાર | હાથમાંથી છૂટી-જતાં પડતાં | બધા તેની સલાહ લે. |
| 4. | વિદ્યાર્થીઓ માટે | વિદ્યાર્થી | પપ્પા રાતા-પીળા થઈ ગયા. |
| 5. | જીવન નિર્વાહ માટે | સારા જાણકાર પાસે | માર્ગદર્શક છે. |

પ્રશ્ન 4. ત્રણેય વિભાગોનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય બનાવો. (5 ગુણ)

| | અ | બ | ક |
|---|---|---|---|
| 1. | વાર્તાઓ | ઘર-ઘરમાં | જ્ઞાનગંગા છે. |
| 2. | શિક્ષણ | ચંદ્રમાનો | ક્ષય કરે છે. |
| 3. | ફાનસ | બાળમાનસને | ઊજળું બનાવી શકે. |
| 4. | અમાસ | પુસ્તકો | અજવાળું પાથરે છે. |
| 5. | વિદ્યાર્થીઓ માટે | જીવનને | આનંદ આપે છે. |

પ્રશ્ન 5. ત્રણેય વિભાગોનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય બનાવો. (5 ગુણ)

| અ | બ | ક |
|---|---|---|
| 1. વાદળોનો ગડગડાટ | એમ નહીં તેનું આચરણ | વામણી પૂરવાર થાય છે. |
| 2. લક્ષ્ય વિનાની મહેનત | માત્ર ગઢની દીવાલ જ નહીં | રાષ્ટ્ર માટે હિતકારી છે. |
| 3. બાળકના સર્વાંગી વિકાસનો આધાર | વરસાદ આવવા અંગે | આંતરિક ખટપટ પણ હોય છે. |
| 4. માત્ર ફરજોનું જ્ઞાન હોવું | માત્ર શાળા પર રહે તો | માત્ર આંશિક વિકાસ જ શક્ય બનશે |
| 5. રાજ્ય ભાંગવાનું કારણ | યોગ્ય પરિણામ અપાવવામાં | આગાહી કરે છે. |

પ્રશ્ન 6. ત્રણેય વિભાગોનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય બનાવો. (5 ગુણ)

| અ | બ | ક |
|---|---|---|
| 1. વ્યક્તિ માત્ર દ્વારા યોગ્ય દિશામાં | ઉત્તમ વિચારોનો સંચય | સફળ વિકાસ માટે જરૂરી છે. |
| 2. સફળતાનો આનંદ | રમૂજવૃત્તિ પણ બાળકોના | એલારામ પર આવે છે. |
| 3. આચરણ વિનાના | કપરાં ચઢાણોનાં દુઃખને | ધાર્યું પરિણામ મેળવી શકાય. |
| 4. હંમેશાં વહેલા ઊઠવાની પ્રતિજ્ઞા | અથાગ મહેનત કરવાથી | માત કરીને પ્રાપ્ત થાય છે. |
| 5. સંશોધનવૃત્તિ, જિજ્ઞાસાવૃત્તિ સાથે | તૂટી જવાનો દોષ | માત્ર પુસ્તકાલયનો ભાર વધારે છે. |

પ્રશ્ન 7. ત્રણેય વિભાગોનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય બનાવો. (5 ગુણ)

| અ | બ | ક |
|---|---|---|
| 1. મહેનતુ લોકો | પિતાની છાતી | જીભનું પોષણ મેળવી લે છે. |
| 2. જેઠાલાલ | શારીરિક પીડા દૂર કરી | બેસી ગઈ. |
| 3. ડૉક્ટર | પિતાની છાતી | આર્થિક પીડા વધારે છે. |
| 4. પુત્રને મિત્રની મદદ કરતો જોઈ | જલેબી-ફાફડા દ્વારા | પર્ફ્યુમ બનાવે છે. |
| 5. પુત્રની નિષ્ફળતા સાંભળી | પરસેવાને | ફૂલી ગઈ. |

પ્રશ્ન 8 ત્રણેય વિભાગોનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય બનાવો. (5 ગુણ)

| અ | બ | ક |
|---|---|---|
| 1. ઉખાણાંના ઉકેલમાં | શોધતાં શોધતાં આખરે | કુંભકરણાસદ (નિદ્રાસન) કરી લીધું. |
| 2. અઢળક ખાડાવાળા રસ્તાઓએ | સૂરજની સાથે | ઘરે પહોંચી જવાયું. |
| 3. સૌથી સારી શાંત જગ્યા | જીવનના માર્ગને | દિવસના રંગો આથમી ગયા. |
| 4. વક્તાનું નીરસ ભાષણ | બાળકોની ઘણી ગૂંચ | સમજવામાં મદદ કરી. |
| 5. સંધ્યા સમયે અસ્તાચળે | સાંભળતા-સાંભળતા શ્રોતાઓએ | ઉકેલાઈ ગઈ. |

પ્રશ્ન 9. ત્રણેય વિભાગોનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય બનાવો. (5 ગુણ)

| અ | બ | ક |
|---|---|---|
| 1. આરતી સમયે અચૂક | સિદ્ધ કરવામાં | સંસ્કૃતિ ભજવાતી |
| 2. શાળા સમયે વરઘોડામાં નાચતાં | થાક્યા વિના કહ્યું કરે | પરસાદિયા ભગત તરીકે ઓળખાય છે. |
| 3. માનવનો અદ્ભુત આવિષ્કાર: | મંદિરમાં પહોંચી જનાર કેટલાક ભક્તો | એવો યાંત્રિક મનુષ્યનું સર્જન |
| 4. વહેલા ઊઠવાનો સંકલ્પ | મંચ પર પાત્રો દ્વારા | શિક્ષકની આંખ પહોળી થઈ ગઈ. |
| 5. પારંપરિક નાટકોમાં | યુનિફોર્મવાળા વરઘોડિયાને જોતાં | શિયાળો વેરી બન્યો. |

પ્રશ્ન 10. ત્રણેય વિભાગોનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય બનાવો. (5 ગુણ)

| અ | બ | ક |
|---|---|---|
| 1.મોડા પડનાર વક્તાએ | રાત્રે તારા ગણવા | શ્રેષ્ઠ કાર્યમાં સ્થાન પામે છે. |
| 2. જે બાળકોનું શિયાળો | જાહેર સભાને સંબોધતા | શૈક્ષણિક સંસ્થાની ભૂમિકા ભજવે છે. |
| 3. વિદ્યાર્થીઓ માટે | જીવથી કરાયેલું કાર્ય | તેના ઘરે વૈદ્ય આવતા નથી. |
| 4. તળાવમાં નાહવું, ધૂળમાં રમવું. | રમતના મેદાનમાં વીતે છે. | સમયપાલન વિશે સમજાવ્યું! |
| 5. જીભથી કહેવાયેલું કરતા | હોસ્ટેલ પણ એક | એ પ્રકૃતિમય થવાનો લાહવો છે |

પ્રશ્ન 11. ત્રણેય વિભાગોનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય બનાવો. (5 ગુણ)

| અ | બ | ક |
|---|---|---|
| 1. કૂતરા ની વફાદારી | પણ પકવાન જોતાં. | નખમાય રોગ ન રહેવા દે. |
| 2. પ્રાણીઓની સ્વામીભક્તિ | નિયમિત દિનચર્યા | કારેલાનો રસ હીતાવહ છે.. |
| 3. ભલે જીભ રિસાઈ જાય | માનવજીવનને | ખૂબ અસરકારક રહી છે |
| 4. પૌષ્ટિક ખોરાક | નીરોગી શરીર માટે | મોં માં પાણી આવી જાય |
| 5. ભોજન પ્રેમની સંયમી બને | માનવજીવનમાં | સલામતી બક્ષે છે. |

## એક વાક્યમાં જવાબ

C-1.4 જુદા જુદા પ્રાપ્તકર્તા (ઑડિયન્સ) અને હેતુઓને લક્ષ્યમાં રાખી વિવિધ પ્રકારના પત્રો, નિબંધો અને અહેવાલ સમુચિત શૈલી જાળવીને લખે છે.

G8141 જુદી જુદી કક્ષાની વ્યક્તિનઓને લખાયેલા અને વિવિધ હેતુઓને લક્ષમાં રાખીને લખાયેલા પત્રોમાંની સામ્યતા અને તફાવત રજૂ કરે છે.

C-2.2 સાહિત્યિક પ્રયુક્તિઓનાં વિવિધ સ્વરૂપો (ઉપમા,રૂપક,સજીવારોપણ,અતિશયોક્તિ, યમક-- અલંકાર, રૂઢિપ્રયોગ, કહેવતો અને ઉખાણાં, વગેરેમાંથી પસંદિત) ઓળખે અને લેખનમાં ઉપયોગ કરે છે.

G8221 ભાષા રચનાના ઘટકો (રૂઢિપ્રયોગ કહેવતો અને ઉખાણા, અલંકાર ) ના અર્થની પાઠ્ય સામગ્રી અને અન્ય સંદર્ભોના આધારે ધારણા કરે છે.

G8222 ભાષા રચનાના ઘટકોના અર્થની ધારણાની ચકાસણી કરે છે.

C-4.1 વિવિધ પ્રકારનાં (ફિક્શન - કાલ્પનિક અને નોન ફિક્શન - બિનકાલ્પનિક) પુસ્તકો વાંચે છે, પ્રતિસાદ આપે છે અને તેની સમીક્ષાત્મક વિવેચના કરે છે.

G8414 પાત્રો, ઘટનાઓ અને વિચારો વિશે પોતાના ગમા-અણગમા અને અભિપ્રાયો રજૂ કરે છે.

G8415 પુસ્તકના કથાવસ્તુ, ભાષા, વિવિધ પ્રયુક્તિઓ, વિચારણા, લેખકનું ચિંતન, વગેરેનો સમાવેશ કરી સર્વાંગી સમીક્ષા રજૂ કરે છે.

પ્રશ્ન 1 : આપેલ પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો. (પ્રશ્ન દીઠ 1 ગુણ)

1. ‘દંતકથા’ એટલે શું?
2. હાથચાલાકી કે જાદુના ખેલમાં ચીલઝડપ એટલે શું?
3. પોલીસ બોલાવવાથી પોતાની ચોરી પકડાઈ જશે એવો ડર કોને લાગતો હશે?
4. કોઈએ પાકીટ <u>‘ચોરી લીધું’</u> હતું - રેખાંકિત શબ્દના બદલે કયો શબ્દ બોલી શકાય?
5. તમારી કોઈ વસ્તુ શાળામાંથી ગાયબ થાય ત્યારે તમે શું કરશો?
6. રમેશ રોજ પોતાના મિત્રને સમયસર આવવાની એકની એક જ વાત કહે છે. આ પરિસ્થિતિમાં કયો રૂઢિપ્રયોગ વાપરવો યોગ્ય ગણાય?

7. ખીમજીકાકાના ખેતરમાં ખિસકોલી ખોખાં ખાય છે - આ વાક્ય જેવું અન્ય વાક્ય બનાવો.
8. _______ હોડી હોડી રમીએ... (આગળ પંક્તિ ઉમેરી ફરીથી લખો)
9. બેંકમાં કયા કયા પ્રકારના ખાતા ખોલાવવામાં આવે છે?
10. ગુજરાતના પ્રસિદ્ધ યાત્રાધામના નામ લખો. (કોઈપણ ચાર)
11. ઘરમાં સુખ સગવડ માટેની વસ્તુઓનાં નામ લખો.
12. તમે ખર્ચેલા પૈસા લેખે લાગે એવું કયું કાર્ય તમે કરશો?
13. શાના મીઠા વહેણથી તમારી આંખમાં ઝળઝળિયાં આવી જાય?
14. 'પારકી મા જ કાન વીંધે' કહેવત મુજબ યોગ્ય વર્તન શું ગણાય?

પ્રશ્ન 2. આ વાક્યો રમૂજ પડે અને વાંચનારને હસવું આવે એ રીતે પૂર્ણ કરો. (પ્રશ્ન દીઠ 1 ગુણ)

1. વર્ષ 2050 માં હું સવારે ઉઠ્યો અને મેં જોયું કે મારી બારી બહાર...
2. મને એવી જાદુઈ પેન મળી કે જેનાથી હું જે કંઈ પણ દોરું તે...
3. એક દિવસ મેં જૂના ફોટાનું આલબમ કાઢીને જોયું તો બધા ફોટા વાત કરવા લાગ્યા. તેઓ એવી વાત કરતા હતા કે...
4. જો દુનિયામાં એક પણ વૃક્ષ ન હોય તો...
5. હું એક દિવસ મારા સપનાની નિશાળમાં પહોંચી ત્યાં તો એવું બધું હતું કે...
6. કૂતરાઓ માણસની ભાષામાં વાત કરવા લાગે તો...
7. જો અરીસાનું પ્રતિબિંબ આપણી સાથે વાત કરવા માંડે તો...
8. જો આ જગતમાં કોઈ કોઈને ન ઓળખી શકે તો...
9. માણસના વિચારો ઓળખવાનું યંત્ર બને તો...
10. જો લોકો હજુ પણ ભટકતું જીવન જીવતા હોત તો...
11. જો બાળકોને પાંખ મળી જાય તો...
12. જો તમે તમારી આસપાસ ત્રણ ફેરફાર કરી શકો તો...
13. જો મેઘધનુષના રંગોવાળો વરસાદ પડે તો...
14. હું ડાયરીમાં જે કંઈ પણ લખું તે બીજા દિવસે હકીકત બની જાય તો...

15. જો પૃથ્વી પર એક દિવસ અને રાત પોતાની મરજી મુજબ બદલી શકાતાં હોત તો...
16. જો ઝાડ પર ફળોની જગ્યાએ પુસ્તકો લાગતાં હોત તો...
17. વૈજ્ઞાનિકોએ એક એવું કેપ્સ્યુલ શોધ્યું કે જેને ખાવાથી ભૂતકાળમાં જઈ શકાય. જો એ કેપ્સ્યુલ તમે ખાઓ તો...
18. જો રોબોટને લાગણી થવા લાગે તો સૌથી પહેલાં એ માણસો પાસે...

C-1.1 પાઠ્યસામગ્રી (સમાચાર, રિપોર્ટ્સ, સંપાદકીય) ને કાળજીપૂર્વક સાંભળીને અથવા વાંચીને મુખ્ય મુદ્દાઓ તારવે છે અને સારાંશ કરે છે.

G8111 સારાંશ કરવાની પૂર્વતૈયારી રૂપે શ્રવણ તેમજ વાંચન દ્વારા બહુભાષીય અને બહુવિષયક સામગ્રીનું અર્થઘટન રજૂ કરે છે.

પ્રશ્ન 3. આપેલ વાક્ય સૂચના મુજબ કોણ બોલ્યું હશે અને કોને લાગુ પડતું હશે તે લખો.

(પ્રશ્ન દીઠ 1 ગુણ)

1. ગામમાં કોઈ વાહનનો હોર્ન વાગે તો તે અવાજ સાંભળી દોટ મૂકતો.
2. તે માને ભાભી કહી બોલાવતો હતો.
3. મીરજાફર નામનો એટલે કે માત્ર કહેવાનો નવાબ હતો. - આ વાક્ય કોણ બોલ્યું હશે?
4. ગણિતનો સહેલો દાખલો જોઈ ધ્રૂજતો - આવું કોણ માનતું હશે?
5. શરીરે ‘ઓઘડસંગજી’ ઘસીને ન્હાય - અહીં ઓઘડસંગજી એટલે કોણ હશે?
6. ‘મારી મા, તમારો છે ને તમે જાળવજો’ - આ વાક્ય કોના માટે હશે?
7. તો મારા પૈસા મળી રહ્યા! - આ કોને લાગુ પડશે?
8. આ ગાદલાં ગોદડાં વીંટાળીને જે દોરી લાવ્યા તેનાથી કામ સરી જશે - કોના માટે કહેવાયું છે?
9. ટીવી ચેનલ્સના પ્રતિનિધિ તરીકે પણ રોબોટ કામ કરી રહ્યા છે. - કોણ બોલ્યું હશે?

**C-1.2** **વિવિધ પ્રકારના (ઔપચારિક અને અનૌપચારિક) ઇન્ટરવ્યૂનું શ્રવણ કરે, આયોજન કરે અને સંચાલન કરે છે.**

G8122 ચોક્કસ હેતુ, વ્યક્તિની વિશેષતા, ભાવ, વિષયને અનુરૂપ ઇન્ટરવ્યૂ માટે જરૂરી માહિતીની શોધખોળ કરે છે.

**C-3.2** **સમુચિત શૈલી અને ભાષાનો ઉપયોગ કરીને ગદ્ય, પદ્ય અને નાટક લખે છે.**

G8322 ભાષા, ભાવ, શૈલી, બોધ ચમત્કૃતિની અસર તપાસે છે.

**C-4.1** **વિવિધ પ્રકારનાં (ફિક્શન - કાલ્પનિક અને નોન ફિક્શન - બિનકાલ્પનિક) પુસ્તકો વાંચે છે, પ્રતિસાદ આપે છે અને તેની સમીક્ષાત્મક વિવેચના કરે છે.**

G8414 પાત્રો, ઘટનાઓ અને વિચારો વિશે પોતાના ગમા-અણગમા અને અભિપ્રાયો રજૂ કરે છે.

પ્રશ્ન 4. નીચે આપેલ વાક્યમાં વ્યક્ત થતો ભાવ લખો. (પ્રશ્ન દીઠ 1 ગુણ)

1. ગૌરાંગના ખાતામાં પાંચ હજાર જમા કરાવ્યા... પાંચ હજાર?
2. મધુ, તને ગૌરાંગની કૉલેજની બાજુમાં ઘર લઈ આપું?
3. ત્યાં ગૌરાંગનું કોણ? અહીં આવે ત્યારે દીકરા માટે એટલું ન કરું?
4. હવે ધંધાની જવાબદારી સંભાળવાની છે એટલે હિસાબમાં ચોકસાઈ રાખવી જોઈએ.
5. બાબુને છોકરાઓ 'વીજળી' કહેતા!
6. અરે! તમે આમ બાઘા મારતા કાં ફરો?
7. તખતમલે ખુરશી ઊંધી કરી અને ચિત્કાર મોંમાંથી નીકળી ગયો.
8. પોલીસ બોલાવવાની વાત સાંભળી તખતમલ ચોંક્યો.
9. જો તમે આમ હિંમત હારી જશો તો પછી મારું શું?
10. મારા છોકરાએ જે સારો નિર્ણય કર્યો એનો મને ગર્વ છે.

## બે થી ચાર વાક્યોમાં જવાબ

**C-1.2** **વિવિધ પ્રકારના (ઔપચારિક અને અનૌપચારિક) ઇન્ટરવ્યૂનું શ્રવણ કરે, આયોજન કરે અને સંચાલન કરે છે.**

G8123 અસરકારક ઇન્ટરવ્યૂ કરવામાટે જરૂરી પ્રશ્નો (શું, કોણ, ક્યાં, ક્યારે, કેવી રીતે, કેમ, સહાય માટે, કેટલું) તૈયાર કરે છે.

G8124 ઊંડાણપૂર્વકની માહિતી/જાણકારી મેળવવા તેમજ તેની ખાતરી કરવા માટે પેટાપ્રશ્નો પૂછે છે.

**C-2.3** **સામાજિક અને સાંસ્કૃતિક વાતાવરણનાં વિવિધ પાસાઓ વિશે પોતાનાં વિચારો અને વિવેચના મૌખિક અને લેખિત સ્વરૂપે અભિવ્યક્ત કરે છે.**

G8231 સામાજિક અને સાંસ્કૃતિક પ્રસંગો વિશે પોતાના ગમા અને અણગમા અને તેના વિશેનાં કારણો રજૂ કરે છે.

G8232 સામાજિક અને સાંસ્કૃતિક પ્રસંગોની તરફેણ વિશે અને વિરુદ્ધમાં પોતાના વિચારો રજૂ કરે છે.

**C-3.2** **સમુચિત શૈલી અને ભાષાનો ઉપયોગ કરીને ગદ્ય, પદ્ય અને નાટક લખે છે.**

G8323 વાક્યરચનાને સમૃદ્ધ બનાવવા માટે શીખી ગયેલા ભાષા રચના અને ભાષા સજ્જતાના ઘટકોનો ઉપયોગ કરે છે,

G8324 શીખેલ ભાષા રચના અને ભાષા સજ્જતાના ઘટકો તેમજ ચમત્કૃતિનો પોતાના લેખનમાં ઉપયોગ કરે છે.

પ્રશ્ન 1. આપેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો. (પ્રશ્ન દીઠ 2 ગુણ)

1. શાળામાં શિક્ષકની જગ્યાએ રોબોટ આવી જાય તો શું-શું થાય?
2. જો બધી જ જગ્યાએથી રોબોટને હટાવી લેવામાં આવે તો શું ફેર પડે?
3. તમારે રોબોટનો ઇન્ટરવ્યુ લેવાનો હોય તો કેવા-કેવા પ્રશ્નો પૂછશો? પાંચ પ્રશ્નો લખો.
4. જો તમારી પાસે રૉબોટ આવે, તો તમે તેની પાસે કયાં કયાં કામ કરાવશો?
5. તમારી વસ્તુ ખોવાઈ જાય કે ચોરાઈ જાય તો તેને શોધવા કઈ-કઈ તકનીકો અપનાવશો?

6. 'ચીલઝડપ ' ને બદલે અન્ય કયું શીર્ષક રાખી શકાય? શા માટે?
7. હાથચાલાકી અને ચીલઝડપ વચ્ચેનો ભેદ ઉદાહરણ આપીને સમજાવો.
8. તમે અથવા તમારા કોઈ પરિચિત વ્યક્તિએ ચતુરાઈ વાપરીને કોઈ મુશ્કેલ કામ ઉકેલ્યું હોય તેવા પ્રસંગ વિશે લખો.
9. જો તમે પોલીસ ઓફિસર હોવ, તો તમારા વિસ્તારમાં ચોરી રોકવા માટે શું શું કરશો?
10. તમે મિત્રો સાથે કઈ-કઈ રમતો રમો છો? એક રમત વિશે લખો.
11. તમારે ક્રિકેટની રમત રમવાની છે અને તમે કેપ્ટન છો તો કયા-કયા નિયમો બનાવશો?
12. તમે કાગળમાંથી હોડી સિવાય બીજી કઈ-કઈ વસ્તુઓ બનાવી શકો?
13. તમને ઉનાળામાં આંબાવાડીમાં જઈને કેરી ખાવાનું ગમશે કે ચોમાસામાં વરસાદમાં નાહવાનું? શા માટે?
14. પરીક્ષા નજીકમાં હોય ત્યારે તમે કેવી રીતે તૈયારી કરો છો?
15. તમને ગમતું પ્રાણી કે પક્ષી પાળવા માટે તમારા પપ્પા છૂટ આપે, તો તેની કાળજી લેવા શું-શું કરશો?
16. તમારે હોસ્ટલમાં અભ્યાસ માટે જવાનું છે તો કેવી-કેવી તૈયારીઓ કરશો?
17. તમે કેવી-કેવી વસ્તુઓનો સંગ્રહ કરો છો? કેમ?
18. તમારે ખેડૂતનો ઇન્ટરવ્યુ લેવાનું થાય ત્યારે તેને કેવા પ્રશ્નો પૂછશો?
19. તમે લીધેલો નિર્ણય તમારે ક્યારેક બદલવો પડ્યો છે? કેમ?
20. તમે જોયેલા પ્રવાસન સ્થળ વિશે લખો

## સ્વતંત્ર લેખન

**C-3.2** **સમુચિત શૈલી અને ભાષાનો ઉપયોગ કરીને ગદ્ય, પદ્ય અને નાટક લખે છે.**

G8324 **શીખેલ ભાષા રચના અને ભાષા સજ્જતાના ઘટકો તેમજ ચમત્કૃતિનો પોતાના લેખનમાં ઉપયોગ કરે છે.**

**પ્રશ્ન 1. આપેલા મુદ્દાનો ઉપયોગ કરી વાર્તા / ઘટના / પ્રસંગની રચના કરો. (પ્રશ્ન દીઠ 5 ગુણ)**

1. **માણસ - શારીરિક શ્રમથી થાક, ઈશ્વરને ફરિયાદ - રોબોટ જેવી શક્તિની માંગણી – વરદાન**
2. **અમદાવાદ - કાલુપુર રેલવે સ્ટેશન, પ્લેટફોર્મ નં**-4, **હમસફર એક્સપ્રેસ ટ્રેન - કોચ નં**-4, **સીટ નં**-52 - **ટાઈમબોમ્બ**
3. **ધો**-8**ના વિદ્યાર્થી** - NMMS**ની તૈયારી - દરેક વિષયનું ગૃહકાર્ય, રોબોટની મદદ – પરિણામ**
4. **આંબાવાડી- મિત્રો - વિવિધ રમત - એકબીજાથી રિસાવું - અંચાઈ કરવી - મનામણા - ફરીથી ઉજાણી**
5. **શહેરના રસ્તાઓ - રસ્તાઓ પર પશુઓનો અડિંગો - પશુનું વાહન અડફેટે ઘાયલ થવું - ચક્કાજામ થવો - પશુપ્રેમીઓનું મદદે આવવું - સારવાર**
6. **ગામના વૃદ્ધ ડોશીમા - નાની ઝૂંપડી - ચોમાસાની ઋતુ - પૂર આવવું - ઝૂંપડીને નુકસાન - ગામના યુવાનોનું મદદે આવવું - પાકું મકાન બનાવવામાં મદદ – આશીર્વાદ**
7. **પિકનિક, જુદા જુદા સ્થળો, જુદી જુદી ભાષા બોલતા લોકો, વિવિધ વાનગી, પહેરવેશ**
8. **શિયાળાની ઋતુ, વિવિધ શાકભાજી, તાજા રસદાર ફળો, સમતોલ આહાર, શરીરની તંદુરસ્તી**
9. **માતા-પિતા, માતાની ટકોર, બાળકની જિદ,** Social Media, **સમયનો દુરુપયોગ, શારીરિક શ્રમનો અભાવ, પરિણામ**
10. **દાદા-દાદીની હુંફ, સંયુક્ત પરિવાર, ભણવા માટે હોસ્ટલમાં જવું, વિદ્યાર્થીની સ્થિતિ, દાદાને પત્ર**
11. **તમારું ગામ - ગામની જાણીતી જગ્યાઓ - જાહેર સ્થળો અને ધાર્મિક સ્થળો, ખેતરો, ટેકરીઓ**

12. ભારે વરસાદ - રસ્તામાં લોકોનું ફસાવું - અણધારી મદદ – કપરી આફતમાંથી બહાર આવવું - મદદનો બદલો

**C-3.2** સમુચિત શૈલી અને ભાષાનો ઉપયોગ કરીને ગદ્ય, પદ્ય અને નાટક લખે છે.

G8324 શીખેલ ભાષા રચના અને ભાષા સજ્જતાના ઘટકો તેમજ ચમત્કૃતિનો પોતાના લેખનમાં ' ઉપયોગ કરે છે.

પ્રશ્ન 2. આપેલ વાર્તા પૂર્ણ કરો. (5 ગુણ)

સૂરજપુર નામના ગામમાં એક ખેડૂત રહે. એ ખેડૂતને બે દીકરા, એકનું નામ ચિંટુ અને એકનું મિંટુ. એ બંનેને પ્રાણીઓના બચ્ચાં બહુ જ ગમતાં. એક વાર તેઓ નિશાળે જઈ રહ્યા હતા ત્યારે એમને રસ્તા પર એક ગલૂડિયું મળ્યું, આ ગલૂડિયાને બંને ભાઈઓ ઘરે લઈ આવ્યા. આ ગલૂડિયાનું નામ એમણે 'પિંકુ' પાડ્યું. ચિંટુ અને મિંટુના મમ્મી-પપ્પા રોજ સવારે ઘરનાં કામ પતાવીને ખેતરમાં જતા રહેતા. હવે પ્રશ્ન એ થયો કે, એમના વહાલા પિંકુને કેવી રીતે સાચવવું, બંને ભાઈઓ વિચાર કરવા લાગ્યા, અચાનક મિંટુને એક આઈડિયા આવ્યો...

પ્રશ્ન 4. આપેલ વાર્તા પૂર્ણ કરો. (5 ગુણ)

શિયાળાની અંધારી રાતની આ વાત છે, રાજનગર ગામના લોકો જમી-પરવારીને ઊંઘના દેશમાં પ્રવેશવાની તૈયારી કરી રહ્યા હતા અને અચાનક રેડિયો-ટીવી પરની જાહેરાત સાંભળીને નાના-મોટા સૌ સ્તબ્ધ થઈ ગયા. જાહેરાતમાં કહેવાઈ રહ્યું હતું કે, ભય કરવાનું કોઈ કારણ નથી પરંતુ, રાજનગરના લોકોએ બે દિવસ સુધી ઘરની બહાર નીકળવું નહીં, કારણ કે...

પ્રશ્ન 5. આપેલ વાર્તા પૂર્ણ કરો. (5 ગુણ)

ઉદયવન નામનું એક વન હતું. વનમાં અનેક પ્રાણીઓ રહેતાં હતાં. આ જંગલમાં અન્ય જંગલો કરતાં એક વિશેષતા એ હતી કે, અહીંનાં પ્રાણીઓ ભેગાં થઈને પોતાનો નેતા પસંદ કરતાં હતાં. શરૂઆતમાં તો બધું બરાબર ચાલતું હતું પણ કેટલાક સમયથી

જંગલનાં પ્રાણીઓ અંદરોઅંદર ઝઘડો કરવા લાગ્યાં હતાં. જંગલનાં વડીલ પ્રાણીઓએ ભેગા થઈને નક્કી કર્યું કે આ વખતે એ જ પ્રાણી આપણો નેતા બનશે જે ઉદયવનમાં બધાં પ્રાણીઓ વચ્ચે દોસ્તી કરાવી શકે, ભલે એ નાનું પ્રાણી હોય. બધાં પ્રાણીઓ વિચારમાં પડી ગયાં કે હવે શું કરવું...